સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 10

[28/02/21 to 06/03/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com


CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 28 FEB-2021


- દિવસ મહિમા : 28 ફેબ્રુઆરી, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day)........ 02
- ઇસરોના વાણિજ્યિક એકમ ન્યૂ સ્પે ઈન્ડિયા લિમિટેડ (NSIL)નું પ્રથમ કોમર્શિયલ મિશન 'એમેઝોનિયા-1' લોન્ચ........ 03
- પુડુચેરીમાં રાષ્ટ્રપતિ શાસનને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી........ 04
- QUESTION ANSWERS........ 06


## 01 MAR-2021


- દિવસ મહિમા : 1 માર્ચ, (1) વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ (World Civil Defence Day), (2) શૂન્ય ભેદભાવ દિવસ (Zero Discrimination Day), (3) સ્વ-ઈજા જાગૃતિ દિવસ (Self Injury Awareness Day)........ 07
- ભારતમાં ખેડૂતો માટેની અતિ મહત્ત્વની 'PM-KISAN' યોજનાને બે વર્ષ પૂર્ણ........ 07
- દેશના તમામ શહેરોમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા ભારતમાં 'નેશનલ અર્બન ડિજિટલ મિશન' (NUDM) લોન્ચ. 08
- QUESTION ANSWERS........ 10


## 02 MAR-2021


- અમેરિકન ટેલિવિઝન અને ફિલ્મ ક્ષેત્રનો પ્રતિષ્ઠિત 78 મો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ એનાયત........ 11
- ભારત દ્વારા BRICS ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક અધિકારીઓની બેઠકનું આયોજન........ 12
- કોમન સર્વિસ સેન્ટરને 'ઈ-દાખીલ પોર્ટલ' સાથે જોડવામાં આવશે........ 13
- QUESTION ANSWERS........ 15


## 03 MAR-2021


- દિવસ મહિમા : 3 માર્ચ, (1) વિશ્વ વન્યજીવ દિવસ (World Wildlife) (2) વિશ્વ શ્રવણ દિવસ (World Hearing Day)........ 16
- 1 એપ્રિલથી ગ્રાહકોને 'સરળસુરક્ષા વીમા પોલિસી' આપવા IRDAIનો આદેશ........ 16
- G-20 દેશોના નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકોના ગવર્નરોની પ્રથમ બેઠક યોજાઈ........ 18
- QUESTION ANSWERS........ 19


## 04 MAR-2021


- દિવસ મહિમા : 4 માર્ચ, (1) રાષ્ટ્રીય સુરક્ષા દિવસ (National Security Day) (2) રાષ્ટ્રીય સલામતી દિવસ (National Safety Day)........ 20
- સંયુક્ત આરબ અમીરાત (UAE)માં એક્સરસાઈઝ 'ડેઝર્ટ ફ્લેગ-6'નું આયોજન........ 21
- શ્રી નરેન્દ્ર સિંહ તોમર દ્વારા ઉત્તરપ્રદેશના નોઈડાહાટ ખાતે 'સરસ આજીવિકા મેળા-2021'નું ઉદ્ઘાટન........ 21
- QUESTION ANSWERS........ 22


## 05 MAR-2021


- કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ -2020 જાહેર કરવામાં આવ્યો........ 23
- કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા 'સુગમ્ય ભારત એપ' લોન્ચ........ 26
- QUESTION ANSWERS........ 22


## 06 MAR-2021


- વર્ષ 2020-21 માટે EPF પર 8.5 ટકા વ્યાજદર ચૂકવવાની જાહેરાત........ 29
- આર્કટિક મોનિટરિંગ માટે રશિયા દ્વારા તેનો પ્રથમ સેટેલાઈટ 'Arktika-M' લોન્ચ........ 29
- કોરોના મહામારીના કારણે ભવનાથનો મહાશિવરાત્રિનો મેળો સામાન્ય જનતા માટે રદ........ 30
- ગ્લોબલ-બાયો ઈન્ડિયાની બીજી આવૃત્તિનું ઉદ્ઘાટન ડો. હર્ષવર્ધન દ્વારા કરવામાં આવ્યું........ 30
- QUESTION ANSWERS........ 32

ONE LINER........ 33

QUESTION OF THIS WEEK........ 38



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 ફેબ્રુઆરી, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day)

### રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 28 ફેબ્રુઆરી, 1928ના રોજ ભારતના પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રી સર ચંદ્રશેખર વેંકટ રામને 'રામન ઈફેક્ટ'ની શોધ કરી હતી.
- આથી તેની યાદમાં ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ની 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ 'Future of STI (Science, Technology and Innovations) : Impacts on Education, Skills and Work' છે.

### સર ચંદ્રશેખર વેંકટ રામન


સર ચંદ્રશેખર વેંકટ રામન એક મહાન ભારતીય ભૌતિક વૈજ્ઞાનિક હતા.

- તેઓનો જન્મ 7 નવેમ્બર, 1888ના રોજ તત્કાલિન મદ્રાસના તિરૂચિરાપલ્લી ખાતે થયો હતો.
- તેઓનું નિધન 21 નવેમ્બર, 1970ના રોજ કર્ણાટકના બેંગાલુરુ ખાતે થયું હતું.
- પ્રકાશનો આણ્વિક ફેલાવો તથા 'રામન અસર' માટે તેમને વર્ષ 1930માં નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.
- તેમના ભત્રીજા શ્રી સુબ્રમણ્યમ ચંદ્રશેખરને પણ ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં નોબેલ પુરસ્કાર વર્ષ 1983માં એનાયત કરવામાં આવ્યો હતો.
- વર્ષ 1954માં તેઓને ભારતનો સર્વોચ્ચ એવોર્ડ 'ભારતરત્ન' આપવામાં આવ્યો હતો.
- વર્ષ 1957માં તેઓએ લેનિન પીસ પ્રાઈઝ પણ એનાયત થયો હતો.

### રામન અસર

'રામન અસર' અથવા 'રામન પ્રકીર્ણન' અનુસાર જ્યારે કોઈ એકવર્ણી પ્રકાશ પ્રવાહી અથવા ઘન માધ્યમમાંથી પસાર થાય છે ત્યારે તેમાં કેટલાંક ઓછી તીવ્રતા વાળા પ્રકાશ કે રંગો જોવા મળે છે.

- રાસાયણિક સંયોજનોની આંતરિક રચનાને સમજવા માટે રામન અસર મહત્ત્વપૂર્ણ છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈસરોના વાણિજિયક એકમ ન્યૂ સ્પે ઈન્ડિયા લિમિટેડ (NSIL)નું પ્રથમ કોમર્શિયલ મિશન 'એમેઝોનિયા-1' લૉન્ચ

28 ફેબ્રુઆરી, 2021ના રોજ **આંધ્રપ્રદેશ**ના **શ્રી હરિકોટા** ખાતે આવેલા **સતીશ ધવન સ્પેસ સેન્ટર** પરથી **ISRO** એ 'એમેઝોનિયા-1' સહિત અન્ય 18 ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કર્યા હતા. જેમાંથી 'એમેઝોનિયા-1'એ ઈસરોની વાણિજિયક સંસ્થા 'ન્યૂ સ્પેસ ઈન્ડયા લિમિટેડ' (NSIL)નું પ્રથમ કોમર્શિયલ મિશન હતું.

- બ્રાઝિલનો 'એમેઝોનિયા-1' લોન્ચ કરવા માટે 'ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડે' બ્રાઝિલ પાસેથી ઓર્ડર લીધો હતો અથવા તો આ માટે બ્રાઝિલ સાથે કોન્ટ્રાકટ કર્યો હતો.
- આ ઉપરાંત 'એમેઝોનિયા-1' તથા અન્ય 18 ઉપગ્રહોએ ઈસરો દ્વારા વર્ષ 2021માં લોન્ચ કરવામાં આવેલા પ્રથમ ઉપગ્રહો હતા.
- તાજેતરમાં લોન્ચ થયેલું PSLV-C51એ PSLVનું 53મું મિશન હતું.
- લોન્ચ થયેલા આ તમામ 19 ઉપગ્રહોમાં બ્રાઝિલનો એમોઝોનિયા–1 ઉપગ્રહ એ મુખ્ય ઉપગ્રહ હતો.
- આ મિશન અંતર્ગત લોન્ચ કરવામાં આવેલા અન્ય સેટેલાઈટોમાં **ચેન્નાઈ** સ્થિત **સ્પેસ કિડ્ઝ ઈન્ડિયા (SKI)**ના **સતીશ ધવન સેટ (SD SAT)**નો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.
- એમેઝોનિયા–1 પ્રક્ષેપણના ચોથા તબક્કામાં પ્રક્ષેપણ વાહન PSLV-C51 થી સફળતાપૂર્વક અલગ થયું હતું અને ભ્રમણકક્ષામાં સ્થાપિત થયું હતું.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### એમેઝોનિયા -1 વિશે

એમેઝોનિયા–1 એ **અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ** છે. જે બ્રાઝિલના **નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ રિસર્ચ (INPE)** દ્વારા વિકસાવવામાં આવ્યો છે.

- આ સેટેલાઈટનું વજન **637 કિલોગ્રામ** છે.
- આ સેટેલાઈટનો ઉપયોગ **એમેઝોન ક્ષેત્રમાં વનોની કાપ**ની દેખરેખ અને બ્રાઝિલના ક્ષેત્રમાં વિવિધ **કૃષિ વિશ્લેષણ** માટે કરવામાં આવશે.

### મિશનની વિશેષતા

આ અવકાશયાનની ટોચની પેનલ પર વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીનું** ચિત્ર પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.

- તેમજ આ સેટેલાઈટ પર ઈસરોના ચેરપર્સન **ડો. કે. શિવન** અને સાયન્ટિફિક સેકેટરી **ડો. આર. ઉમા મહેશ્વરનનું** નામ પણ અંકિત કરવામાં આવ્યું હતું.
- તેની સાથે **'ભગવદ્ ગીતા'** ની ઈલેક્ટ્રોનિક નકલ પણ મોકલવામાં આવી હતી.
- આ **'ભગવદ્ ગીતા'** ને એક SD કાર્ડમાં સેવ કરીને મોકલવામાં આવી છે.

## ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL)

ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડએ ભારત સરકારનું એક **પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (PSE)** છે. તેમજ તે **ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)**ની વ્યાપારી શાખા છે.

- NSIL ભારત સરકારના **અવકાશ વિભાગ** હેઠળ કાર્ય કરે છે.
- NSILની સ્થાપના **6 માર્ચ, 2019**ના રોજ કેન્દ્રીય **અંતરિક્ષ વિભાગ** અને **કંપની અધિનિયમ 2013**ના નિયંત્રણ હેઠળ કરવામાં આવી હતી.
- NSILનું મુખ્યમથક **કર્ણાટકના બેંગાલુરૂ** ખાતે આવેલું છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ ભારતના અંતરિક્ષ કાર્યક્રમોમાં ઉદ્યોગોની ભાગીદારીને વધારવાનો છે.

## PSLV

PSLVનું પૂરુંનામ 'Polar Satellite Launch Vehicle' છે.

- PSLVએ જેમાં પ્રવાહી બળતણનો ઉપયોગ થતો હોય એવા Liquid stageથી સજ્જ ભારતનું પ્રથમ લોન્ચ વ્હિકલ છે.
- કેમ કે, આ અગાઉના ભારતના લોન્ચ વ્હિકલમાં માત્ર ઘન બળતણનો જ ઉપયોગ થતો.
- PSLVએ ચાર તબક્કા (4 stage)નું લોન્ચ વ્હિકલ છે.
- જેમાં તેના પ્રથમ અને ત્રીજા તબક્કામાં ઘન બળતણ તથા બીજા અને ચોથા તબક્કામાં પ્રવાહી બળતણનો ઉપયોગ થાય છે.
- 15 ઓક્ટોબર, 1994ના રોજ PSLV-D2 નામના લોન્ચ વ્હિકલ દ્વારા IRS-P2 નામનો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો. જે PSLVનું પ્રથમ સફળ મિશન હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# પુડુચેરીમાં રાષ્ટ્રપતિ શાસનને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

તાજેતરમાં કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં રહેલી શ્રી વી. નારાયણસ્વામીના નેતૃત્વવાળી સરકારને વિશ્વાસ મત પરીક્ષણ દરમિયાન પૂરતી બહુમતી મળી ન હતી.

- ત્યારબાદ પુડુચેરીના ઉપરાજ્યપાલ સુશ્રી તમિલિસાઈ **સુંદરરાજન** દ્વારા રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરવામાં આવી હતી જેને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- રાષ્ટ્રપતિશ્રીએ એ વાતને સહમતી આપી હતી કે કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં **'ગવર્નમેન્ટ ઓફ યુનિયન ટેરિટરીઝ એક્ટ, 1963'** અંતર્ગત શાસન ચલાવવું મુશ્કેલ છે.

## રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન અંગે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના **અનુચ્છેદ-356** અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન એવા રાજ્યમાં લાદવામાં આવે છે કે જ્યાં બંધારણીય રીતે ચૂંટાયેલી સરકાર ચલાવવાની તમામ શક્યતાઓ દૂર થાય છે.

- રાજ્ય વિધાનસભાનું વિસર્જન કરવામાં આવે છે અને કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ રાજ્યપાલ દ્વારા તમામ કારોબારી સત્તાનો ઉપયોગ કરવામાં આવે છે.
- આ સમયગાળા દરમિયાન, કેન્દ્ર સરકારને રાજ્યની તમામ વહીવટી અને કાયદાકીય સત્તાઓ પર નિયંત્રણ પ્રાપ્ત થાય છે. અને રાજ્યમાં 'રાષ્ટ્રપતિ શાસન' અમલમાં આવે છે. તેને **'બંધારણીય કટોકટી'** અથવા **'રાજ્ય કટોકટી'**તરીકે પણ ઓળખવામાં આવે છે.

## રાષ્ટ્રપતિ શાસન લાગુ કેમ કરવામાં આવે છે?

જ્યારે કોઈ રાજ્યની વિધાનસભા મુખ્યમંત્રીની પસંદગી કરવામાં અસમર્થ હોય છે.

- જ્યારે રાજ્યમાં ચાલતી ગઠબંધનની સરકાર પડી ભાંગી હોય.
- જ્યારે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ કેટલાક અનિવાર્ય કારણોસર યોજી શકાય એમ ન હોય.
- જ્યારે કોઈ રાજ્ય બંધારણમાં નિર્ધારિત નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન કરે.

## રાષ્ટ્રપતિ શાસનને સંસદની મંજૂરી

રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની જાહેરાત થયા પછી તેને **બે મહિનાના સમયગાળામાં સંસદના બંને ગૃહોની મંજૂરી** મળવી જરૂરી છે.

- રાષ્ટ્રપતિ શાસને સંસદના બંને ગૃહોમાં **સામાન્ય બહુમતી** મળવાથી તે મંજૂર થયેલ ગણાય છે.

## રાષ્ટ્રપતિ શાસન / બંધારણીય કટોકટી / રાજ્ય કટોકટીનો સમયગાળો

રાષ્ટ્રપતિ શાસનને સંસદના બંને ગૃહો દ્વારા મંજૂરી મળી જાય તો તેનો અમલ **6 મહિના સુધી ચાલુ** રહે છે.

- રાષ્ટ્રપતિ શાસનને **વધુમાં વધુ 3 વર્ષ સુધી** લંબાવી શકાય છે. આ સમયગાળા દરમિયાન **દર 6 મહિને સંસદની મંજૂરી** લેવી જરૂરી બને છે.
- **વર્ષ 1978**ના **44મા બંધારણીય સુધારા** દ્વારા રાષ્ટ્રપતિ શાસનને એક વર્ષ થી વધુ લંબાવવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં નીચેની શરતોનો સમાવેશ કરવામાં આવ્યો છે :
  - સમગ્ર દેશમાં અથવા સમગ્ર રાજ્યમાં કે રાજ્યના કોઈ ભાગમાં રાષ્ટ્રીય કટોકટી અમલમાં હોવી જોઈએ.
  - અમુક અનિવાર્ય કારણોસર સંબંધિત રાજ્યની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓનું આયોજન થઈ શકે તેમ નથી એવું કેન્દ્રીય ચૂટણીપંચ દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યું હોય તેવા સંજોગોમાં પણ રાષ્ટ્રપતિ શાસન 1 વર્ષથી વધુ લંબાવી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાષ્ટ્રપતિ શાસનનો અંત

કોઈપણ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનનો અમલ રાષ્ટ્રપતિ ગમે ત્યારે અન્ય ઘોષણા દ્વારા સમાપ્ત કરી શકે છે.

- રાષ્ટ્રપતિની આ ઘોષણાને સંસદની મંજૂરીની જરૂરિયાત હોતી નથી.

**ICE FACTS :**

(1) અત્યાર સુધીમાં છત્તીસગઢ અને તેલંગાણા જેવા રાજ્યોમાં એકપણ વાર રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું નથી.

(2) ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં ૫ વખત રાષ્ટ્રપતિ શાસન લગાવવામાં આવ્યું છે.

## SUNDAY Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 26 ફેબ્રુઆરી (B) 27 ફેબ્રુઆરી (C) 28 ફેબ્રુઆરી (D) 25 ફેબ્રુઆરી **(C)**

2. ભારતમાં કોનો જન્મદિન 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) સર ચંદ્રશેખર વેંકટ રામન (B) ડો. હરગોવિંદ ખુરાના
(C) શ્રી સત્યેન્દ્રનાથ બોઝ (D) ત્રણમાંથી કોઈ નહિ **(D)**

3. વર્ષ 2021ની 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ની થીમ શું છે?
(A) Science for women
(B) Science for nature
(C) Women in science
(D) Future of STI : Impacts on eductaion, Skills and work **(D)**

4. તાજેતરમાં શ્રીહરિકોટા ખાતેથી કયા રોકેટની મદદથી બ્રાઝિલના એમેઝોનિયા– 1 સહિત અન્ય 18 ઉપગ્રહોને લોન્ચ કરવામાં આવ્યાં છે?
(A) PSLV- C50 (B) PSLV-C51 (C) PSLV- C49 (D) PSLV -C53 **(B)**

5. નીચે આપેલા વિધાનોમાંથી સાચા વિધાનો જણાવો.
1. PSLV-C51 એ પોલર સેટેલાઈટ લોન્ચ વિહિકલનું 53મું મિશન છે.
2. PSLV-C51/ એમેઝોનિયા–1 ઈસરોના વાણિજ્ય એકમ ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL)નું પ્રથમ સમર્પિત કોમર્શિયલ મિશન છે.
3. એમેઝોનિયા–1 એ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે.
4. NSILનું મુખ્યમથક કર્ણાટકના બેંગાલુરૂ ખાતે આવેલું છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

6. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ભારતના કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં રાષ્ટ્રપતિશાસનને મંજૂરી આપી છે?
(A) દમણ અને દીવ (B) ચંદીગઢ (C) પુડુચેરી (D) લક્ષદ્વિપ **(C)**

7. નીચે આપેલા સાચા વિધાનો જણાવો ?
1. બંધારણના અનુચ્છેદ–356 અંતર્ગત કોઈ રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાદવામાં આવે છે.
2. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની જાહેરાત થયા પછી તેને બે મહિનાના સમયગાળામાં સંસદના બંને ગૃહોની મંજૂરી મળવી જરૂરી છે.
3. રાષ્ટ્રપતિ શાસનને સંસદના બંને ગૃહોમાં સામાન્ય બહુમતી મળવાથી તે મંજૂર થાય છે.
4. રાષ્ટ્રપતિ શાસનને વધુમાં વધુ 3 વર્ષ સુધી લંબાવી શકાય છે.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 **(A)**

8. કયાં બંધારણીય સુધારામાં રાષ્ટ્રપતિ શાસનને એક વર્ષથી વધુ લંબાવવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) 42મો બંધારણીય સુધારો (B) 41મો બંધારણીય સુધારો
(C) 44મો બંધારણીય સુધારો (D) 50મો બંધારણીય સુધારો **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 1 માર્ચ, (1) વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ (World Civil Defence Day)
## (2) શૂન્ય ભેદભાવ દિવસ (Zero Discrimination Day)
## (3) સ્વ-ઈજા જાગૃતિ દિવસ (Self Injury Awareness Day)

### (1) વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 માર્ચના રોજ 'વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 1990માં આંતરરાષ્ટ્રીય નાગરિક સંરક્ષણ સંગઠન (International Civil Defence Organization) મહાસભા દ્વારા 'વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ' ની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ નાગરિક સુરક્ષાના મહત્વ તરફ ધ્યાન દોરવા અને અકસ્માતો અથવા હોનારતોની સ્થિતિમાં નિવારણ અને આત્મસંરક્ષણના પગલા અને જાગરૂકતા વધારવાનો છે.
- નોંધનીય છે કે વર્ષ 1931માં આંતરરાષ્ટ્રીય નાગરિક સંરક્ષણ સંગઠનની સ્થાપના ફ્રેન્ચ જનરલ સર્જન જ્યોર્જ સેન્ટ પોલ દ્વારા કરવામાં આવી હતી.
- 'વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ'2021ની થીમ '<u>Civil Defence and a first aider in every home</u>' છે.

## ભારતમાં ખેડૂતો માટેની અતિ મહત્વની 'PM-KISAN' યોજનાને બે વર્ષ પૂર્ણ

24 ફેબ્રુઆરી, 2021ના રોજ ભારતમાં 'PM-KISAN' યોજનાને બે વર્ષ પૂરા થયા હતા.

- <u>24 ફેબ્રુઆરી, 2019</u>ના રોજ ભારતના વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>એ ઉત્તરપ્રદેશના <u>ગોરખપુર</u> ખાતેથી આ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.

### PM-KISAN યોજના

PM-KISAN યોજનાનું પૂરું નામ 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' છે.

- ભારતમાં વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક ડબલ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.
- આથી, આ લક્ષ્યની પ્રાપ્તિ માટે ખેડૂતોને સહાય આપવાના ઉદ્દેશથી આ યોજના શરૂ કરવામાં આવી હતી.

### PM-KISAN યોજના અંતર્ગત સહાય

આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર ખેડૂતોને <u>દર વર્ષે 6000 રૂપિયાની નાણાકીય સહાય</u> આપે છે.

- આ સહાય દર <u>ચાર</u> મહિને <u>રૂ. 2000 ના 3 હપ્તામાં</u> (2000 × 3) સીધી જ ખેડૂતોના બેન્ક / પોસ્ટ ખાતામાં જ જમા થાય છે.

### આ યોજનાનો લાભ કોને મળે છે ?

શરૂઆતમાં ભારતમાં <u>2 હેક્ટર અથવા તો 5 એકર કે તેથી ઓછી</u> જમીન ધરાવતા ખેડૂતોને આ યોજનાનો લાભ મળતો હતો.

- જો કે 31 મે, 2019ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર હવે દરેક ખેડૂતોને આ યોજનાનો લાભ મળે છે.
- આ માટે 2 હેક્ટર જમીનની અગાઉની મર્યાદા હવે હટાવી દેવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ યોજના માટેનું વેબ પોર્ટલ

આ યોજના માટે એક વિશેષ વેબ પોર્ટલ www.pmkisan.gov.in લોન્ચ કરવામાં આવ્યું હતુ.

## આ યોજનાની સર્વપ્રથમ જાહેરાત

આ યોજના અંગેની સર્વપ્રથમ જાહેરાત કેન્દ્રીયમંત્રી **શ્રી પિયૂષ ગોયલે વર્ષ 2019**ના વચગાળાના કેન્દ્રીય બજેટ દરમિયાન કરી હતી.

- PM-KISAN યોજના જેવી જ યોજના સર્વપ્રથમ **તેલંગાણા સરકારે 'રાયથુ બંધુ યોજના'** તરીકે રજૂ કરી હતી.

## રાયથુ બંધુ યોજના

રાયથુ બંધુ યોજનાને **'ફાર્મર્સ ઈન્વેસ્ટમેન્ટ સપોર્ટ સ્કિમ' (FISS)** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ યોજના અંતર્ગત ખેડૂતોને દર વર્ષે બે પાક માટે રોકડ સહાયતા આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ, તેલંગાણા સરકાર રાજ્યના 58.33 લાખ ખેડૂતોને એક વર્ષમાં બે વાર એકર દીઠ રૂપિયા 5,000ની સહાય પૂરી પાડે છે.

# દેશના તમામ શહેરોમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા ભારતમાં 'નેશનલ અર્બન ડિજિટલ મિશન' (NUDM) લોન્ચ

તાજેતરમાં **ગૃહ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી શ્રી હરદીપસિંહ પૂરી** અને **ઈલેક્ટ્રોનિક અને માહિતી તકનીકી મંત્રાલય**ના કેન્દ્રીય મંત્રી **શ્રી રવિશંકર પ્રસાદ** દ્વારા 'નેશનલ અર્બન ડિજિટલ મિશન'ની શરૂઆત કરવામાં આવી હતી.

- આ પહેલ કેન્દ્ર સરકારના **'ડિજિટલ ઈન્ડિયા'** અને **'આત્મનિર્ભર ભારત'**ના દ્રષ્ટિકોણને સાકાર કરવાના પ્રયત્નોને આગળ વધારશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેશનલ અર્બન ડિજિટલ મિશન (NUDM)

દેશના તમામ શહેરોમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે 'નેશનલ અર્બન ડિજિટલ મિશન' **(NUDM)**ની શરૂઆત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત મુખ્ય ત્રણ સ્તંભો **People**, **Process** અને **Platform** પર કાર્ય કરીને ડિજિટલ શહેરી ભારતનું નિર્માણ કરવામાં મદદ મળશે.

## NUDMનો અમલ

NUDM અંતર્ગત વર્ષ 2022 સુધીમાં ભારતના કુલ 2022 શહેરોમાં અને વર્ષ 2024 સુધીમાં ભારતના તમામ શહેરો અને નગરોમાં શહેરી શાસન અને સેવાઓ પહોંચાડવા માટે નાગરિક કેન્દ્રિત અને ઈકોસિસ્ટમ સંચાલિત અભિગમને અમલમાં મૂકવામાં આવશે.

- આ ઉપરાંત આ પહેલ અંતર્ગત કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયની વિવિધ ડિજિટલ પહેલોને સ્થાનિક જરૂરિયાતો અને પડકારોને ધ્યાનમાં રાખીને એકીકૃત કરવામાં આવશે.

## NUDM ઉપરાંત અન્ય પહેલો

NUDMના લોન્ચિંગની સાથે–સાથે ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ;

- ઈન્ડિયા અર્બન ડેટા એક્સચેન્જ (IUDX),
- સ્માર્ટકોડ, સ્માર્ટ સિટિઝ 2.0 વેબસાઈટ અને
- જિયોસ્પાશિયલ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (GMIS) જેવી અન્ય પહેલોની પણ શરૂઆત કરવામાં આવી હતી.

## ઈન્ડિયા અર્બન ડેટા એક્સચેન્જ (IUDX)

'સ્માર્ટ સિટીઝ મિશન' દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IISC), બેંગાલુરુના સહયોગથી 'ઈન્ડિયા અર્બન ડેટા એક્સચેન્જ' (IUDX) પહેલ વિકસાવવામાં આવી છે.

- તે એક ઓપનસોર્સ સોફટવેર પ્લેટફોર્મ છે જે ઘણા બધા ડેટા પ્લેટફોર્મ, ડેટા પ્રોડ્યુસર્સ, થર્ડ પાર્ટી એપ્લિકેશન્સ અને ગ્રાહકો માટે ડેટાના સુરક્ષિત અને પ્રમાણિત વિનિમયની સુવિધા ઉપલબ્ધ કરાવે છે.
- IUDX ડેટા શેરિંગ બાબતે ડેટા માલિકોને સંપૂર્ણ નિયંત્રણ પૂરું પાડે છે, જેનાથી કયો ડેટા જાહેર કરવો અને તે કોને આપવો તેનો નિર્ણય ડેટા માલિકો લઈ શકશે.

## સ્માર્ટ કોડ પ્લેટફોર્મ

સ્માર્ટ કોડ એ એક પ્લેટફોર્મ છે જે ઈકોસિસ્ટમના તમામ હિતધારકોને શહેરી શાસન માટે વિવિધ ઉકેલો પૂરા પાડે છે.

- તેને અર્બન લોકલ બોડિઝ (ULBs)ની સમસ્યાઓને આધારે તેના સોલ્યૂશન માટે વિવિધ ડિજિટલ એપ્લિકેશનોના વિકાસ માટે વિકસાવવામાં આવેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## જિયોસ્પાશિયલ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (GMIS)

GMIS એ વેબ આધારિત, સ્થાનિક રૂપથી સક્ષમ વ્યવસ્થાપન ઉપકરણ છે જે માહિતીઓ માટે વનસ્ટોપ એકસેસ પ્રદાન કરે છે.

- GMIS ઘણાં સ્ત્રોતોમાંથી જાણકારીને એકીકૃત કરે છે અને વિષય પર અને ભૌગોલિક ક્ષેત્રના આધાર પર શોધ વિકલ્પોની સુવિધા પ્રદાન કરે છે.



## MONDAY Questions

1. 'વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(A)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'શૂન્ય ભેદભાવ દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(A)**

3. 'સ્વ–ઈજા જાગૃતિ દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(A)**

4. 'વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ' 2021ની થીમ જણાવો ?
(A) Civil Defence For Self Reliant Society
(B) Civil Defence and a first aider in every home
(C) Civil Defence By The Society In Every Home
(D) Civil Defence : Atmanirbhar Bharat **(B)**

5. ભારતમાં PM-KISAN યોજનાનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) 24 જાન્યુઆરી, 2019 (B) 24 ફેબ્રુઆરી 2018
(C) 24 ફેબ્રુઆરી, 2019 (D) 24 માર્ચ, 2019 **(C)**

6. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના ક્યા શહેરમાંથી PM-KISAN યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.
(A) નાગપુર (B) પૂણે (C) લખનૌ (D) ગોરખપુર **(D)**

7. PM-KISAN યોજનાના સંદર્ભમાં નીચેનામાંથી ક્યું / ક્યાં વિધાનો સાચાં છે ?
1. તેનું પૂરું નામ 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' છે.
2. તેમાં લાભાર્થી ખેડૂતને દર વર્ષે રૂ. 8000 સહાય આપવામાં આવે છે.
(A) 1, 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બંમાંથી એકપણ નહીં **(B)**

8. 'રાયથુ બંધુ' એ ક્યા રાજ્યની ખેડૂત કલ્યાણ યોજના છે ?
(A) આંધ્રપ્રદેશ (B) કર્ણાટક (C) કેરળ (D) તેલંગાણા **(D)**

9. 'નેશનલ અર્બન ડિજિટલ મિશન' (NUDM) વિશે સાચા વિધાનો જણાવો ?
1. ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયે ઈલેક્ટ્રોનિક અને માહિતી તકનીકી મંત્રાલયના સહયોગથી આ મિશન લોન્ચ કર્યું છે.
2. NUDM અંતર્ગત મુખ્યત્વે ત્રણ સ્તંભો People, Process અને Platform પર કાર્ય કરીને ડિજિટલ શહેરી ભારતનું નિર્માણ કરવામાં આવશે.
3. NUDMની સાથે સાથે 'સ્માર્ટ સિટિઝ મિશન' દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISC), બેંગાલુરુના સહયોગથી 'ઈન્ડિયા અર્બન ડેટા એક્સચેન્જ' પહેલ પણ વિકસાવવામાં આવી છે.
(A) 1, 2 (B) 2, 3 (C) 1, 2, 3 (D) 1, 3 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અમેરિકન ટેલિવિઝન અને ફિલ્મ ક્ષેત્રનો પ્રતિષ્ઠિત 78 મો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ એનાયત

28 ફેબ્રુઆરી, 2021ના રોજ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના બેવર્લી હિલ્સ શહેરની બેવર્લી હિલ્ટન હોટલ ખાતેથી અને ન્યૂયોર્કના રેઈનબો રૂમ ખાતેથી 78માં ગોલ્ડન ગ્લોબ એવોર્ડ સમારંભનું આયોજન થયું હતું.

- જેમાં વર્ષ 2020ના અમેરિકાના ફિલ્મ અને ટેલિવિઝન ક્ષેત્રને સન્માનિત કરવા માટે વિવિધ કેટેગરીમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- આ પ્રથમ bio-costal Ceremony હતી. એટલે કે ગોલ્ડન ગ્લોબ એવોર્ડ એનાયત કરવા માટેના સમારોહનું એક સાથે બે શહેરોના દરિયાકાંઠે આયોજન થયું હોય એવી આ પ્રથમ ઘટના હતી.

### ગોલ્ડન ગ્લોબ એવોર્ડ વિજેતાઓ

ગોલ્ડન ગ્લોબ 2021 એવોર્ડ અંતર્ગત શ્રી ચેડવિક બોસમેનને મરણોપરાંત એવોર્ડ આપવામાં આવ્યો હતો.

- ગોલ્ડન ગ્લોબ 2021 વિજેતા યાદીમાં 'ધ ક્રાઉન' ટીવી સીરિઝ ટોપ પર રહી હતી. જે સૌથી વધુ 6 કેટેગરીઝમાં નોમિનેટ થઈ હતી, એમાંથી તેણે ચાર એવોર્ડ્ઝ જીત્યા હતા.
- બેસ્ટ ફિલ્મ ડ્રામાનો એવોર્ડ 'નોમેડલેન્ડ' ફિલ્મને એનાયત થયો હતો. તેમજ તેના ડિરેક્ટર શ્રી ક્લો ઝેઓને બેસ્ટ ડિરેક્ટરના એવોર્ડ આપવામાં આવ્યો હતો.

### ફિલ્મ કેટેગરીમાં વિજેતાઓ

- બેસ્ટ ફિલ્મ ડ્રામા : નોમેડલેન્ડ
- બેસ્ટ ફિલ્મ–મ્યુઝિકલ/કોમેડી : બોરટ સબ્સીક્યુઅન્ટ મૂવી ફિલ્મ
- બેસ્ટ ડિરેક્ટર : શ્રી ક્લો ઝેઓ (નોમડલેન્ડ ફિલ્મ માટે)
- બેસ્ટ એક્ટ્રેસ–ડ્રામા : સુશ્રી એન્ડ્રા ડે (ધ યુનાઈટેડ સ્ટેટસ વર્સિસ બિલી હોલીડે માટે)
- બેસ્ટ એક્ટર–ડ્રામા : શ્રી ચેડવિક બોસમેન (મા રેનીઝ બ્લેક બોટમ માટે)
- બેસ્ટ એક્ટ્રેસ–મ્યુઝિકલ / કોમેડી : સુશ્રી રોસમંડ પાઈક (આઈ કેર અ લોટ માટે)
- બેસ્ટ એક્ટર મ્યુઝિકલ / કોમેડી : શ્રીસેશા બેરોન કોહેન (બોરટ સબસીક્યુઅન્ટ મૂવી ફિલ્મ માટે)

### ટેલિવિઝન કેટેગરીમાં વિજેતાઓ

- બેસ્ટ ટીવી સીરિઝ–ડ્રામા : ધ ક્રાઉન
- બેસ્ટ ટીવી સીરિઝ–મ્યુઝિકલ/કોમેડી : સ્ટીસ ક્રીક
- બેસ્ટ મીની–સીરિઝ અથવા ટેલિવિઝન ફિલ્મ : ધ ક્વીન્સ ગેમ્બીટ

### ગોલ્ડન ગ્લોબ એવોર્ડ શું છે ?

ગોલ્ડન ગ્લોબ એવોર્ડ એ અમેરિકન ફિલ્મ તથા ટેલિવિઝન ક્ષેત્રનો અમેરિકાનો પ્રતિષ્ઠિત એવોર્ડ છે.

- અમેરિકન તથા આંતરરાષ્ટ્રીય ફિલ્મ તેમજ અમેરિકન ફિલ્મમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે દર વર્ષે આ આ એવોર્ડ એનાયત થાય છે.
- આ એવોર્ડનો પ્રારંભ 1944થી થયો હતો.
- અમેરિકાના Hollywood Foreign Press Association (HFPA) દ્વારા એવોર્ડ એનાયત થાય છે.

## ભારત દ્વારા BRICS ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક અધિકારીઓની બેઠકનું આયોજન

તાજેતરમાં ભારત દ્વારા BRICS ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંકના પદાધિકારીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ બેઠકની અધ્યક્ષતા આર્થિક બાબતોના સચિવ **શ્રી તરૂણ બજાજ** અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ગવર્નર **શ્રી માઈકલ પાત્રા** દ્વારા કરવામાં આવી હતી.
- આ બેઠકમાં ભારત સહિત બ્રાઝિલ, રશિયા, ચીન અને દક્ષિણ આફ્રિકાના કેન્દ્રીય બેંકોના પદાધિકારીઓ અને બ્રિક્સ દેશોના નાણામંત્રાલયના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.
- ભારતની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં **BRICS 2021** વિષયો, પ્રાથમિકતાઓ અને કેલેન્ડર વિશે ચર્ચા કરવામાં આવી હતી.
- આ અગાઉ, કેન્દ્રીય વિદેશપ્રધાન શ્રી એસ. જયશંકરે નવી દિલ્હીના સુષ્મા સ્વરાજ ભવન ખાતેથી ભારતની BRICS 2021 વેબસાઈટ લોન્ચ કરી હતી.

### ભારત BRICS દેશોનો અધ્યક્ષ

**ભારત વર્ષ 2021** માટે BRICSનો અધ્યક્ષ દેશ છે તેમજ **13માં BRICS શિખર સંમેલનનું** આયોજન પણ ભારત દ્વારા કરવામાં આવશે.

- આ અગાઉ **12મા બ્રિક્સ શિખર સંમેલનનું** આયોજન તાજેતરમાં 17 નવેમ્બર, 2020ના રોજ રશિયા દ્વારા કરવામાં આવ્યું હતું.
- ભારત વર્ષ 2021 દરમિયાન **BRICS**ની અધ્યક્ષતા **"BRICS@15 : Intra BRICS Cooperation for Continuity Consolidation and Consensus'** ની થીમ અંતર્ગત કરશે.
- વર્ષ **2012** અને **2016** બાદ ભારત વર્ષ 2021માં **ત્રીજી વખત** બ્રિક્સ શિખર સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યું છે.
- વર્ષ 2021માં BRICS દ્વારા તેની **15મી વર્ષગાંઠ**ની ઉજવણી કરવામાં આવી રહી છે.




## BRICS

BRICS એ વિશ્વના **પાંચ મોટા વિકાસશીલ દેશોનો** એક સમૂહ છે.

- BRICS દેશોમાં **બ્રાઝિલ (B)**, **રશિયા (R)**, **ઈન્ડિયા (I)**, **ચીન (C)** અને **સાઉથ આફ્રિકા (S)**નો સમાવેશ થાય છે.
- જેમાંથી **ચાર BRIC** દેશો **બ્રાઝિલ**, **રશિયા**, **ભારત** અને **ચીન** દ્વારા **વર્ષ 2006**માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં **વર્ષ 2010**માં **સાઉથ આફ્રિકા** પાછળથી સામેલ થયું હતું. આથી તે હવે **BRICS** તરીકે ઓળખાય છે.
- બ્રિક્સ દેશોમાં વિશ્વની આશરે 41 ટકા વસતીનો સમાવેશ થાય છે.
- અને વિશ્વના કુલ GDPમાં બ્રિક્સ દેશોનો ફાળો આશરે 23% જેટલો છે.
- બ્રિક્સ દેશો દ્વારા જુલાઈ 2014માં NDB એટલે કે New Development Bank નામની એક બેંકની રચના કરવામાં આવી હતી.
- આ બેંકનું વડુંમથક **ચીન**ના **શાંઘાઈ**માં આવેલું છે.

**ICE FACT :**

(1) BRICS દેશોના પ્રથમ શિખર સંમેલનનું આયોજન 16 જુન, 2009ના રોજ રશિયાના યેકાતેરિનબર્ગ ખાતે કરવામાં આવ્યું હતું.

(2) **BRICS**ના તમામ સભ્યો **G-20**ના પણ સભ્ય દેશો છે.

(3) 'BRIC' શબ્દ વર્ષ 2001માં **જીમ ઓનિલ** દ્વારા આપવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# કોમન સર્વિસ સેન્ટરને 'ઈ-દાખીલ પોર્ટલ' સાથે જોડવામાં આવશે

**ગ્રાહક બાબતોના મંત્રાલયે ઈ-ફાઈલિંગ** માટે ગ્રાહકોને સુવિધા આપવા માટે કોમન સર્વિસ સેન્ટર (CSC)ને **'ઈ-દાખીલ પોર્ટલ'** સાથે જોડવાનો નિર્ણય કર્યો છે.

## ઈ-દાખીલ પોર્ટલ

ઈ–દાખીલએ **ગ્રાહક ફરિયાદ નિવારણ પોર્ટલ** છે. જે **7 સપ્ટેમ્બર, 2020**ના રોજ **રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ આયોગ** (National Consumer Dispute Redressal Commission દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ ઓનલાઈન ફરિયાદ નિવારણ પોર્ટલ ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યરત છે.
- ગ્રાહકોને ઓનલાઈન ફરિયાદ નોંધાવવા માટે આ પોર્ટલ મદદરૂપ થાય છે.
- ફરિયાદોના નિવારણ માટે જરૂરી ફીની ચુકવણી માટેની સુવિધા પણ તેમાં આપવામાં આવે છે.
- આ પોર્ટલ ગ્રાહક કમિશનને ફરિયાદો સ્વીકારવા, નકારી કાઢવા અથવા આગળની કાર્યવાહી આગળ ધપાવવા માટે સંબંધિત કમિશનને ફરિયાદો ફોરવર્ડ કરે છે અને ફરિયાદોની ચકાસણી કરવાની સુવિધા આપે છે.
- **મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી** અંતર્ગતના **નેશનલ ઈન્ફોર્મેશન સેન્ટર (NIC)** દ્વારા ઈ–દાખીલ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે તેમજ તેનું સંચાલન પણ **NIC** દ્વારા જ કરવામાં આવે છે.
- આ પોર્ટલ **ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019** હેઠળ વિકસાવવામાં આવ્યું છે.

## નેશનલ કન્ઝયુમર ડિસ્પ્યુટસ રિડ્રેસલ કમિશન (NCDRC)

ગ્રાહકોની ફરિયાદોને ઝડપી ઉકેલવા માટે NCDRCની સ્થાપના કરવામાં આવી હતી.

- NCDRCએ એક અર્ધ-ન્યાયિક કમિશન છે જેની સ્થાપના વર્ષ 1988માં કન્ઝયુમર પ્રોટેક્શન એક્ટ, 1986 અંતર્ગત કરવામાં આવી હતી.
- આ આયોગની અધ્યક્ષતા ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના સિટીંગ અથવા રિટાયર્ડ જજ દ્વારા કરવામાં આવે છે.
- કન્ઝયુમર પ્રોટેકશન એકટ, 1986ની કલમ 21 અંતર્ગત NCDRCના અધિકારક્ષેત્રની જોગવાઈ કરવામાં આવી છે.

## ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ પ્રધાન શ્રી રામ વિલાસ પાસવાન દ્વારા જુલાઈ, 2019માં લોકસભામાં આ ખરડો રજૂ કરવામાં આવ્યો અને પસાર કરવામાં આવ્યો હતો.

- ઓગસ્ટ, 2019માં તેને રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યો હતો.
- ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 1986માં સંશોધન કરીને ગ્રાહક સુરક્ષા અધિનયમ, 2019 લાવવામાં આવ્યો હતો.
- આ અધિનિયમ, જુલાઈ 2020થી અમલમાં આવ્યો હતો.
- આ અધિનિયમ દ્વારા ગ્રાહકોને વધુ શકિત પ્રદાન થાય છે.
- આના પગલે કેન્દ્ર સરકારે સપ્ટેમ્બર 2020માં એડ્વર્ટાઈઝિંગ કોડ તરીકે ઓળખાતા નવા ડ્રાફટની પણ જાહેરાત કરી હતી.
- આ કોડ કોઈપણ ખોટી જાહેરાતો સામે ગ્રાહક સુરક્ષા પૂરી પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. વર્ષ 2021મા કેટલામાં ગોલ્ડન ગ્લોબલ એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) 78 (B) 77 (C) 76 (D) 75 (A)

2. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ 2021 બાબતે સાચા વિધાનો જણાવો ?

1. આ એવોર્ડનું સમારોહનું સહ–સંચાલન સુશ્રી એમી પોહલર અને સુશ્રી ટીના ફી દ્વારા કરવામાં આવ્યું હતું.
2. આ એવોર્ડ સમારંભ અંતર્ગત શ્રી ચેડવિક બોસમેનને મરણોપરાંત એવોર્ડ આપવામાં આવ્યો હતો.
3. તેના અંતર્ગત 'ધ ક્રાઉન' ટીવી સીરિઝ સૌથી વધુ 6 કેટેગરીમાં નોમિનેટ થઈ હતી.
4. આ એવોર્ડની શરૂઆત વર્ષ 1944માં થઈ હતી.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 (B)

3. નીચે આપેલા સાચા વિધાનો પસંદ કરો ?

1. BRICS 2021ની વેબસાઈટ તાજેતરમાં કેન્દ્રીય વિદેશપ્રધાન શ્રી એસ. જયશંકર દ્વારા લોન્ચ કરવામાં આવી છે.
2. 13મા BRICS શિખર સંમેલનનું આયોજન ભારત દ્વારા કરવામાં આવશે.
3. BRICSના તમામ સભ્યો G-20ના પણ સભ્યદેશો છે.
4. ન્યૂ ડેવલપમેન્ટ બેંકનું વડુંમથક ચીનના શાંઘાઈ ખાતે આવેલું છે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 3 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. નીચે આપેલા વિધાનો પૈકી સાચા વિધાન પસંદ કરો ?

1. ગ્રાહક બાબતોના મંત્રાલયે ઈ–ફાઈલિંગ માટે ગ્રાહકોને સુવિધા આપવા માટે કોમન સર્વિસ સેન્ટર (CSC)ને 'ઈ–દાખીલ પોર્ટલ' સાથે એકીકૃત કરવાનો નિર્ણય લીધો છે.
2. ઈ–દાખીલએ ગ્રાહક ફરિયાદ નિવારણ પોર્ટલ છે.
3. મિનીસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અંતર્ગતના નેશનલ ઈન્ફોર્મેશન સેન્ટર (NIC) દ્વારા ઈ–દાખીલ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે.
4. ઈ–દાખીલ પોર્ટલ ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 1986 હેઠળ વિકસાવવામાં આવ્યું છે.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 (A)

5. નેશનલ કન્ઝયુમર ડિસ્પ્યુટસ રિડ્રેસલ કમિશન (NCDRC)એ કેવી સંસ્થા છે ?

(A) ન્યાયિક (B) અર્ધ–ન્યાયિક (C) બંધારણીય (D) ગેર–બંધારણીય (B)

**દિવસ મહિમા : 3 માર્ચ,** (1) **વિશ્વ વન્યજીવ દિવસ (World Wildlife Day)**
(2) **વિશ્વ શ્રવણ દિવસ (World Hearing Day)**

## વિશ્વ વન્ય જીવ દિવસ

પૃથ્વી પરની વન્યપ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિ અંગે જાગૃતિ ફેલાવવા 3 માર્ચના રોજ **'વિશ્વ વન્ય જીવ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી માટે **થાઈલેન્ડ** દ્વારા સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 68માં સત્રમાં 20 ડિસેમ્બર, 2013ના રોજ આ દિવસની ઉજવણી માટેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દર વર્ષે 3 માર્ચના રોજ 'વિશ્વ વન્ય જીવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 'વિશ્વ વન્યજીવ દિવસ' **2021ની થીમ 'Forest And Livelihoods: Sustaining People And Planet'** છે.

## વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII)

ભારતમાં વન્યજીવ સંબંધિત સંસ્થા **'વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા'(WII)** ની સ્થાપના વર્ષ 1982માં થઈ હતી. આ સંસ્થા **કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલય** હેઠળની એક **સ્વાયત સંસ્થા** છે.

- જેને વન્યપ્રાણી સંરક્ષણના ક્ષેત્રમાં તાલીમ અને સંશોધન સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી છે.
- ભારતમાં વન્યપ્રાણી સૃષ્ટિના રક્ષણ માટે **વર્ષ 1972**માં **'વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, 1972**નો કાયદો બનાવવામાં આવ્યો છે.

# 1 એપ્રિલથી ગ્રાહકોને 'સરળ સુરક્ષા વીમા પોલિસી' આપવા IRDAIનો આદેશ

ભારતની **તમામ જનરલ અને હેલ્થ ઈન્શ્યોરન્સ કંપની**ઓને **IRDAI** દ્વારા **1 એપ્રિલ 2021**થી ગ્રાહકોને **'સ્ટાન્ડર્ડ પર્સનલ એક્સિડન્ટ પોલિસી'** આપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

- આ સ્ટાન્ડર્ડ એક્સિડન્ટ પોલિસીને **'સરળ સુરક્ષા વીમા પોલિસી'** અથવા તો **'સરલ સુરક્ષા બીમા પોલિસી'** નામ આપવામાં આવ્યું છે.
- જુદી–જુદી ભ્રામક પોલિસીઓ વડે વીમા કંપનીઓ દ્વારા ગ્રાહકોની થતી છેતરપીંડી રોકવા માટે IRDAIએ આ નિર્ણય કર્યો છે.
- આ અંતર્ગત IRDAIએ વીમા કંપનીઓને 'સ્ટાન્ડર્ડ પર્સનલ એક્સિડન્ટ પોલિસી' એટલે કે એક સમાન વીમા પોલિસી લોન્ચ કરવાનો આદેશ આપ્યો છે.
- તમામ વીમા કંપનીઓ આ પોલીસી લોન્ચ કરી શકશે, પરંતુ આ પોલિસીની ભાષા અને શરતો એક સમાન હશે.

## આ પોલિસીના સામાન્ય નિયમો અને શરતો

IRDAI દ્વારા જાહેર કરવામાં આવેલી 'સરળ સુરક્ષા વીમા પોલિસી'ના કેટલાક સામાન્ય નિયમો અને તેની શરતો આ પ્રમાણે છે :

(1) **18-70** વર્ષ સુધીના ગ્રાહકો આ પોલિસીનો લાભ લઈ શકશે.

(2) આ પોલિસી અંતર્ગત વીમા કંપનીઓ ઓછામાં ઓછા **રૂ. 2.5 લાખ**થી લઈને **1 કરોડ રૂપિયા** સુધી Sum insured આપી શકશે. જોકે, આ રેન્જની ઉપર વીમા કંપનીઓ જાતે ઈન્શ્યોર્ડ રકમ માટે ઓફર કરી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) આ પોલિસી અંતર્ગત પોલિસી ધારકનું દુર્ઘટનામાં મૃત્યુ થવાના કિસ્સામાં પરિવાર વીમાની **સંપૂર્ણ રકમ** માટે કલેમ (દાવો) કરી શકે છે. આ માટેની શરત માત્ર એટલી જ છે કે પોલિસી ધારકનું મૃત્યુ **દુર્ઘટનાની તારીખથી 12 મહિનાની અંદર** થયું હોવું જોઈએ.

(4) સંપૂર્ણ રીતે વિકલાંગતાના કિસ્સામાં ઈજાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વીમા કંપનીઓ બેનિફિટની ચૂકવણી કરશે.

(5) આ ઉપરાંત દુર્ઘટનાને કારણે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડે તો તેની સારવારના ખર્ચ માટે પણ કલેમ (દાવો) કરી શકાશે. તેમાં મૂળ સમ ઈન્શ્યોર્ડ **(Sum Insured)ના 10%** સુધી મળશે.

(6) સરળ સુરક્ષા વીમામાં પોલિસી ધારકને ઈજા થવાથી કામ ન કરવાને કારણે થયેલા આવકના નુકસાનની પણ ભરપાઈ કરવામાં આવશે. આ માટે સમ ઈન્શ્યોર્ડ (Sum Insured) પ્રતિ સપ્તાહ 0.2% હશે. જ્યાં સુધી પોલિસી ધારક કામ પર પાછા ન આવે ત્યાં સુધી આ પેમેન્ટ ચાલુ રહેશે.

**નોંધ :** હોસ્પિટલાઈઝેશન કે કોઈ અન્ય ખર્ચ માટે કોઈ એક વર્ષમાં વીમા કંપની વીમાધારકને વધુમાં વધુ કેટલી રકમ આપશે તે પહેલેથી જ નક્કી હોય છે. એક વર્ષ માટેની આ વધુમાં વધુ રકમ **'Sum Insured'** તરીકે ઓળખાય છે.

## IRDAI

- IRDAIનું પૂરું નામ 'ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' છે.
- ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ભારતમાં **વીમા નિયમન** અને પ્રોત્સાહન સાથે કામ કરતી એક **સ્વાયત** અને **વૈધાનિક** સંસ્થા છે.
- તેની સ્થાપના **ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી એક્ટ, 1999** અંતર્ગત કરવામાં આવી હતી.
- તેનું વડુમથક તેલંગાણાના હૈદરાબાદ ખાતે આવેલું છે.
- IRDAIના વર્તમાન અધ્યક્ષ શ્રી સુભાષચંદ્ર ખુંટિયા છે.
- તેમાં અધ્યક્ષ સહિત કુલ **10 સભ્યોનો** સમાવેશ થાય છે. જેમાં **પાંચ પૂર્ણકાલીન સમય**ના સભ્યો અને ચાર પાર્ટટાઈમ સભ્યોનો સમાવેશ થાય છે.

भा बी वि वि प्रा
irdai
भारतीय बीमा विनियामक और विकास प्राधिकरण
INSURANCE REGULATORY AND DEVELOPMENT AUTHORITY OF INDIA

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# G-20 દેશોના નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકોના ગવર્નરોની પ્રથમ બેઠક યોજાઈ

તાજેતરમાં G-20 દેશોના નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંકોના ગવર્નરોની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ઈટલીની અધ્યક્ષતામાં આ બેઠક ઓનલાઈન યોજાઈ હતી.
- આ બેઠકમાં ભારતના કેન્દ્રીય નાણામંત્રી સુશ્રી નિર્મલા સિતારામને ભાગ લીધો હતો.
- આ બેઠક દરમિયાન સુશ્રી નિર્મલા સિતારામને ભારત દ્વારા શરૂ કરવામાં આવેલા વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાન અંગે પણ વાત કરી હતી.
- તેઓએ આ બેઠક દરમિયાન નાણાકીય ક્ષેત્રના પ્રશ્નો, વૈશ્વિક આર્થિક દ્રષ્ટિકોણ, નાણાકીય સમાવેશ અને ટકાઉ ફાઈનાન્સ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચાઓ કર હતી.
- તેમજ G-20 દેશોના નાણાંપ્રધાનો અને સેન્ટ્રલ બેંકના ગર્વનરોએ વૈશ્વિક વિકાસ અને નાણાકીય સ્થિરતા પર આબોહવા વિશે પણ ચર્ચાઓ કરી હતી.

## G- 20 વિશે

G-20 (Group Of Twenty) એ 19 દેશો અને યુરોપિયન યુનિયનના નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નર્સ માટે એક આંતરરાષ્ટ્રીય મંચ છે.

- આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિરતાને પ્રોત્સાહિત કરવાની નીતિ અંગે ચર્ચા કરવાના હેતુ સાથે 26 સપ્ટેમ્બર, 1999 ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.

## G- 20 ના સભ્યોમાં કયા દેશનો સમાવેશ થાય છે ?

G-20ના સભ્યદેશો નીચે મુજબ છે :

- આર્જેન્ટિના, ચીન, ભારત
- ઓસ્ટ્રેલિયા, યુરોપિયન યુનિયન, ઈન્ડોનેશિયા
- બ્રાઝિલ, ફ્રાન્સ, ઈટાલી
- કેનેડા, જર્મની, જાપાન
- મેક્સિકો, તુર્કી
- રશિયા, બ્રિટન
- સાઉદી અરેબિયા, અમેરિકા
- દક્ષિણ આફ્રિકા, સાઉથ કોરિયા

**ICE FACTS :**

(1) વર્ષ 2023માં ભારત દ્વારા G-20 સમિટનું આયોજન કરવામાં આવશે.

(2) વર્ષ 2021માં ઈટાલી G -20નો અધ્યક્ષ દેશ છે.

(3) G-20ના સભ્ય દેશોમાં BRICSના તમામ સભ્યો (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા) તેમજ G-7ના તમામ સભ્યો (અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, કેનેડા અને જાપાન)નો સમાવેશ થઈ જાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## WEDNESDAY Questions

1. 'વિશ્વ શ્રવણ દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(C)**

2. 'વિશ્વ વન્યજીવ દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(C)**

3. વર્ષ 2021ની વિશ્વ વન્ય જીવ દિવસ ની થીમ શું છે ?

(A) Listen to the young Voices

(B) Forest And Livelihoods : Sustaining People And Planet

(C) Sustaining all Life On Universe

(D) Sustaining all life on Earth **(B)**

4. તાજેતરમાં 'સરલ સુરક્ષા બીમા' પોલિસી કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?

(A) LIC (B) HDFC (C) બજાજ ફાઈનાન્સ (D) IRDAI **(D)**

5. 'સરલ સુરક્ષા બીમા' અકસ્માત કવર સામાન્ય અને સ્વાસ્થ્ય વીમાકર્તાઓ દ્વારા ક્યારથી ફરજિયાત કરવામાં આવશે ?

(A) 1 જૂન, 2021 (B) 1 સપ્ટેમ્બર, 2021

(C) 1 એપ્રિલ, 2021 (D) 1 જુલાઈ, 2021 **(C)**

6. 'સરલ સુરક્ષા બીમા' નામના સ્ટાન્ડર્ડ વ્યક્તિગત અકસ્માત કવર અંતર્ગત મહત્તમ અને ન્યૂનતમ કેટલા રૂપિયાના વીમા કવરની જોગવાઈ કરવામાં આવી છે?

(A) 1 કરોડ રૂ, 2.5 લાખ રૂ. (B) 50 લાખરૂ, 2.5 લાખ રૂ.

(C) 75 લાખ રૂ, 2 લાખ (D) 50 લાખરૂ, 3.5 લાખ રૂ. **(A)**

7. IRDAI વિશે સાચા વિધાનો જણાવો ?

1. તે ભારતમાં વીમા નિયમન સાથે સંકળાયેલી સંસ્થા છે.
2. તે એક વૈધાનિક સંસ્થા છે.
3. તેની સ્થાપના ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી એક્ટ, 1999 અંતર્ગત કરવામાં આવી હતી.
4. તેનું વડુંમથક તેલંગાણાના હૈદરાબાદ ખાતે આવેલું છે.

(A) 1, 2, 3 (B) 2, 3,4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

8. નીચે આપેલા વિધાનો પર વિચાર કરો અને સાચા વિધાનો જણાવો ?

1. G-20 એ 19 દેશો અને યુરોપિયન યુનિયનના નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નસ માટે એક આંતરરાષ્ટ્રીય મંચ છે.
2. G-20ના વર્તમાન અધ્યક્ષ ઈટાલીના વડાપ્રધાન શ્રી મારિયો ડ્રેઘી છે.
3. વર્ષ 2023માં ભારત દ્વારા G-20 સમિટનું આયોજન કરવામાં આવશે.
4. આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિરતાને પ્રોત્સાહિત કરવાની નીતિ અંગે ચર્ચા કરવાના હેતુ સાથે તેની સ્થાપના કરવામાં આવી હતી.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 4 માર્ચ,** (1) **રાષ્ટ્રીય સુરક્ષા દિવસ (National Security Day)**
(2) **રાષ્ટ્રીય સલામતી દિવસ (National Safety Day)**

## રાષ્ટ્રીય સુરક્ષા દિવસ

**રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ (National Security Council)**ની સ્થાપના **4 માર્ચ**ના રોજ થઈ હોવાને કારણે સમગ્ર ભારતમાં 4 માર્ચના રોજ **'રાષ્ટ્રીય સુરક્ષા દિવસ'** ઉજવવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો હેતુ દેશના લોકોની શાંતિ અને સલામતી જાળવવામાં પોતાના જીવનનું બલિદાન આપનારા પોલીસ કર્મચારીઓ, પેરા–મિલિટરી ફોર્સિસ કમાન્ડો, ગાર્ડ્સ તથા આર્મી ઓફિસર્સનો આભાર વ્યકત કરવાનો છે.

## નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ (NSC)

નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ (NSC)ની સ્થાપના **વર્ષ 1998**માં તત્કાલીન વડાપ્રધાન **શ્રી અટલ બિહારી વાજપેઈ** દ્વારા કરવામાં આવી હતી.

- NSCના સભ્યોમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA), નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો (Dy. NSAs), ભારતના સંરક્ષણ મંત્રી, વિદેશ મંત્રી, ગૃહ મંત્રી, નાણા મંત્રી અને નીતિ આયોગના અધ્યક્ષનો સમાવેશ થાય છે.
- તેનું વડુંમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.

**ICE FACTS :**

(1) વર્તમાનમાં, દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) **શ્રી અજિત દોવલ** છે.
(2) દેશના **પ્રથમ** રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે **શ્રી બ્રજેશ મિશ્રા** હતા.
(3) રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારએ દેશની સલામતી બાબતે દેશના **વડાપ્રધાનને સલાહ** આપવાનું કાર્ય કરે છે.

## રાષ્ટ્રીય સલામતી દિવસ

ભારતમાં દર વર્ષે **4 માર્ચ**ના રોજ **'રાષ્ટ્રીય સલામતી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- નેશનલ સેફટી કાઉન્સિલ (NSC)ની રચના 4 માર્ચના રોજ કરવામાં આવી હતી. તેથી રાષ્ટ્રીય સલામતી દિવસની ઉજવણી 4 માર્ચના રોજ વર્ષ 1972થી કરવામાં આવી રહી છે.
- કાર્યસ્થળ પર સલામતી, માર્ગ પર સલામતી, માનવ સ્વાસ્થ્ય અંગે સલામતી તેમજ પર્યાવરણીય સ્વાસ્થ્ય અંગે લોકોમાં સલામતીના પગલાંઓ અંગે જાગૃતિ વધે તે હેતુથી સમગ્ર દેશમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021માં 'રાષ્ટ્રીય સલામતી દિવસ'ની થીમ **'સડક સુરક્ષા' (Road Safety)** છે.

## રાષ્ટ્રીય સલામતી સપ્તાહ

**માર્ગ પરની સલામતી** અંગે જાગૃતી લાવવા માટે રાષ્ટ્રીય સલામતી સપ્તાહની ઉજવણી **4 માર્ચથી 10 માર્ચ, 2021** દરમિયાન કરવામાં આવી રહી છે.

## National Safety Council

નેશનલ સેફટી કાઉન્સિલની રચના **4 માર્ચ, 1966**ના રોજ **કેન્દ્રીય શ્રમ મંત્રાલય** દ્વારા કરવામાં આવી હતી.

- તે એક **નોન-પ્રોફિટ, ત્રિપક્ષીય સર્વોચ્ચ સંસ્થા** છે.
- કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરે આરોગ્ય, પર્યાવરણ અને સલામતી પર સ્વૈચ્છિક ચળવળ શરૂ કરવા માટે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડુંમથક **નવી મુંબઈ** ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંયુક્ત આરબ અમીરાત (UAE)માં એક્સરસાઈઝ 'ડેઝર્ટ ફ્લેગ-6'નું આયોજન

સંયુક્ત આરબ અમીરાત (UAE)માં તાજેતરમાં 3 માર્ચ, 2021ના રોજ ભારત, અમેરિકા અને ફ્રાન્સ સહિત સાત દેશોની એરફોર્સ મલ્ટીનેશનલ વોરફેયર એક્સરસાઈઝ 'ડેઝર્ટ ફ્લેગ-6' શરૂ થઈ હતી.

- આ યુદ્ધ કવાયત 27 માર્ચ, 2021 સુધી ચાલુ રહેશે.
- ભારત પ્રથમવાર આ એક્સરસાઈઝમાં ભાગ લઈ રહ્યું છે.
- આ એરફોર્સ વોરફેયર એક્સરસાઈઝમાં ભારતીય વાયુસેનાના 6 સુખોઈ ફાઈટર જેટ્સ, બે C-17 ગ્લોબલ માસ્ટર ફાઈટર્સ, એક IL-78 ટેન્કર એરક્રાફ્ટ સહિત કુલ 150 વાયુસેનાના સૈનિકો સામેલ થયા હતા.

### એક્સરસાઈઝ ડેઝર્ટ ફ્લેગ-6

યુએઈના અલ-દાફરા એરબેઝ ખાતે એક્સરસાઈઝ ડેઝર્ટ ફ્લેગ-6નું આયોજન કરવામાં આવ્યું છે.

- આ યુદ્ધ કવાયતમાં ભારતીય વાયુસેના અને યુએઈ વાયુસેના સિવાય અમેરિકા, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, સાઉદી અરબ અને બહેરીનની વાયુસેના ભાગ લઈ રહી છે.
- આ કવાયતથી સાતેય દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધો મજબૂત થશે.
- તેમજ આ દેશોને એકબીજાના ઓપરેશનલ્સ સિસ્ટમને સમજવામાં મદદ મળશે.

### યુએઈ સાથે ભારતની સંયુક્ત લશ્કરી કવાયતો

(1) ભારત અને યુએઈના નૌકાદળો વચ્ચે 'IN-UAE BILAT' દ્વિપક્ષીય કવાયતનું આયોજન કરવામાં આવે છે.

(2) તેમજ ભારત અને યુએઈની વાયુસેનાઓ વચ્ચે 'ડેઝર્ટ ઈગલ-2'નું આયોજન કરવામાં આવે છે.

## શ્રી નરેન્દ્ર સિંહ તોમર દ્વારા ઉત્તરપ્રદેશના નોઈડાહાટ ખાતે 'સરસ આજીવિકા મેળા-2021'નું ઉદ્‌ઘાટન

તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન શ્રી નરેન્દ્ર સિંહ તોમર દ્વારા ઉત્તરપ્રદેશના નોઈડાહાટ ખાતે 'સરસ આજીવિકા મેળો 2021'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### સરસ આજીવિકા મેળા-2021ની વિશેષતા

સરસ આજીવિકા મેળા-2021નું આયોજન કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા 26 ફેબ્રુઆરી, 2021થી 14 માર્ચ, 2021 દરમિયાન કરવામાં આવ્યું છે.

- આ કાર્યક્રમમાં 27 રાજ્યોના 300થી વધુ સ્વ-સહાય જૂથો અને કારીગરો ભાગ લઈ રહયા છે.

### સરસ આજીવિકા મેળો

સરસ આજીવિકા મેળાની શરૂઆત કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય અને દીનદયાળ અંત્યોદય યોજના-નેશનલ રૂરલ લીવલીહૂડ મિશન (DAY-NRLM) દ્વારા કરવામાં આવી હતી.

- આ કાર્યક્રમની શરૂઆત DAY-NRLMની સહાયતાથી ગ્રામીણ મહિલા સ્વ-સહાય જૂથો (SHGS)ને મદદ પહોંચાડવાનો છે.
- આ પ્લેટફોર્મ સ્વ-સહાય જૂથોની મહિલાઓને તેમની કુશળતા પ્રદર્શિત કરવા અને તેમના ઉત્પાદનોને વેચવા માટે અવસર પ્રદાન કરે છે.
- આ ઈવેન્ટનું આયોજન કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય અંતર્ગતના માર્કેટીંગ આર્મ 'Council for Advancement of People's Action and Rural Technology' (CAPART) દ્વારા કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'રાષ્ટ્રીય સુરક્ષા દિવસ' ભારતમાં ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 3 માર્ચ (B) 4 માર્ચ (C) 5 માર્ચ (D) 6 માર્ચ
**(B)**

2. 'રાષ્ટ્રીય સલામતી દિવસ' ભારતમાં ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 3 માર્ચ (B) 4 માર્ચ (C) 5 માર્ચ (D) 6 માર્ચ
**(B)**

3. 'નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ' (NSC) વિશે સાચાં વિધાનોની પસંદગી કરો ?
1. NSCની સ્થાપના વર્ષ 1998માં તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈ દ્વારા કરવામાં આવી હતી.
2. દેશના પ્રથમ સુરક્ષા સલાહકાર શ્રી બ્રજેશ મિશ્રા હતા.
3. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારએ દેશની સલામતી બાબતે દેશના વડાપ્રધાનને સલાહ આપવાનું કાર્ય કરે છે.
4. NSCનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4
**(D)**

4. 'રાષ્ટ્રીય સલામતી દિવસ' 2021ની થીમ જણાવો ?
(A) સડક સુરક્ષા (B) રેલ સુરક્ષા
(C) હવાઈ સુરક્ષા (D) પર્યાવરણ સુરક્ષા
**(A)**

5. 'રાષ્ટ્રીય સલામતી સપ્તાહ' 2021ની ઉજવણી કયા સમયગાળા દરમિયાન કરવામાં આવી હતી ?
(A) 4 ફેબ્રુઆરીથી 10 ફેબ્રુઆરી (B) 4 માર્ચથી 10 માર્ચ
(C) 20 ફેબ્રુઆરીથી 26 ફેબ્રુઆરી (D) 22 ફેબ્રુઆરીથી 28 ફેબ્રુઆરી
**(B)**

6. નેશનલ સેફટી કાઉન્સિલનું વડુંમથક કયા આવેલું છે ?
(A) નવી દિલ્હી (B) ચેન્નાઈ (C) બેંગાલુરુ (D) નવી મુંબઈ
**(D)**

7. તાજેતરમાં કયા દેશમાં મલ્ટીનેશનલ વોરફેયર એકસરસાઈઝ 'ડેઝર્ટ ફલેગ-6'નું આયોજન કરવામાં આવ્યું છે ?
(A) સાઉદી અરબ (B) મલેશિયા
(C) ફ્રાંસ (D) સંયુકત આરબ અમીરાત
**(D)**

8. 'ડેઝર્ટ ફલેગ-6' વિશે નીચેના પૈકી સાચા વિધાનોની પસંદગી કરો ?
1. ભારત પ્રથમવાર આ એકસરસાઈઝમાં ભાગ લઈ રહયું છે.
2. યુએઈના અલ–દાફરા એરબેઝ ખાતે આ એકસરસાઈઝનું આયોજન કરવામાં આવ્યું છે.
3. આ કવાયતમાં કુલ 7 દેશો ભાગ લઈ રહયા છે.
(A) 1, 2 (B) 1, 3 (C) 1, 2, 3 (D) 2, 3
**(C)**

9. 'સરસ આજીવિકા મેળા-2021' વિશે સાચા વિધાનો જણાવો ?
1. તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન શ્રી નરેન્દ્રસિંહ તોમર દ્વારા આ મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
2. આ મેળાનું આયોજન ઉત્તરપ્રદેશના નોઈડાહાટ ખાતે કરવામાં આવ્યું હતું.
3. આ મેળાનું આયોજન કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું.
4. તેના અંતર્ગત સ્વ–સહાય જૂથોમાં વધારે મહિલાઓનો સમાવેશ કરવામાં આવશે.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4
**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ -2020 જાહેર કરવામાં આવ્યો

4 માર્ચ, 2021ના રોજ કેન્દ્રીય **ગૃહ અને શહેરી બાબતો**ના મંત્રાલય દ્વારા **'ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020'** જાહેર કરવામાં આવ્યો હતો.

- કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી હરદીપસિંહ પૂરીએ આ જાહેરાત કરી હતી.

### આ ઈન્ડેક્સની કેટેગરી

- ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020માં બે કેટેગરી અંતર્ગત શહેરોને રેન્કિંગ આપવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે.

(1) 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરો અને

(2) 10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરો

### આ ઈન્ડેક્સમાં ભારતના શહેરોનો રેન્ક

- **10 લાખથી વધુ વસતી** ધરાવતા શહેરોની કેટેગરીમાં કર્ણાટકના **બેંગાલુરુને પ્રથમ** સ્થાન આપવામાં આવ્યુ છે. જ્યારે મહારાષ્ટ્રનું **પૂણે બીજા** સ્થાને રહ્યું છે અને ગુજરાતનું **અમદાવાદ** આ યાદીમાં **ત્રીજા સ્થાને** રહ્યું છે.
- 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની કેટેગરીમાં ગુજરાતના 3 શહેરો **અમદાવાદ, વડોદરા** અને **સુરત**નો સમાવેશ થાય છે.
- **10 લાખથી ઓછી વસતી** ધરાવતા શહેરોમાં જીવન જીવવા માટે **સિમલાને સૌથી શ્રેષ્ઠ શહેર** જાહેર કરવામાં આવ્યું છે.
- આ યાદીમાં **બીજા ક્રમાંકે ઓડિશાનું ભુવનેશ્વર** અને **ત્રીજા સ્થાને** કેન્દ્રશાસિત પ્રદેશ **સેલવાસ**નો સમાવેશ થયો છે.
- ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ અંતર્ગત વર્ષ 2020માં લગભગ **111 શહેરો**ની આકારણી કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020 (10 લાખથી વધુ વસતી માટે)**

| ક્રમ | શહેર | સ્કોર |
|---|---|---|
| 1 | બેંગાલુરુ | 66.70 |
| 2 | પૂણે | 66.27 |
| 3 | અમદાવાદ | 64.87 |
| 4 | ચેન્નાઈ | 62.61 |
| 5 | સુરત | 61.73 |
| 6 | નવી મુંબઈ | 61.60 |
| 7 | કોઈમ્બતુર | 59.72 |
| 8 | વડોદરા | 59.24 |
| 9 | ઈન્દોર | 58.58 |
| 10 | ગ્રેટર મુંબઈ | 58.23 |

| ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020 (10 લાખથી ઓછી વસતી માટે) | | |
|---|---|---|
| ક્રમ | શહેર | સ્કોર |
| 1 | સિમલા | 60.90 |
| 2 | ભુવનેશ્વર | 59.85 |
| 3 | સેલવાસ | 58.43 |
| 4 | કાકીનાડા | 56.84 |
| 5 | સાલેમ | 56.40 |
| 6 | વેલ્લોર | 56.38 |
| 7 | ગાંધીનગર | 56.25 |
| 8 | ગુરૂગ્રામ | 56.00 |
| 9 | દેવનાગરી | 55.25 |
| 10 | તિરુચિરાપલ્લી | 55.24 |

## ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સમાં ધ્યાનમાં લેવાયેલ પરિમાણો

- જીવનની ગુણવત્તા
- શહેરની આર્થિક ક્ષમતા
- શહેરની સ્થિરતા
- શહેરનું ટકાઉપણું
- શહેરની જનતાને મળતી સુવિધાઓ
- કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી હરદિપસિંહપુરીએ એક ઓનલાઈન ઈવેન્ટમાં વર્ષ 2020 માટે **'ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્ષ'** અને **'મ્યુનિસિપલ પર્ફોમન્સ ઈન્ડેક્ષ'** (MPI)ની ફાઈનલ રેન્કિંગની જાહેરાત કરી હતી.
- ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેકસની જેમ જ **મ્યુનિસિપલ પર્ફોમન્સ ઈન્ડેક્ષ 2020**માં પણ **10 લાખથી વધુ** અને **10 લાખથી ઓછી** વસતી ધરાવતા શહેરોને રેન્કિંગ આપવામાં આવ્યા છે.
- MPI 2020 અંતર્ગત **10 લાખથી વધુ વસતી** ધરાવતા શહેરોની કેટેગરીમાં મધ્યપ્રદેશના **ઈન્દોરને પ્રથમ**, **ગુજરાતના સુરતને દ્વિતિય** અને મધ્યપ્રદેશના ભોપાલને **ત્રીજું સ્થાન** આપવામાં આવ્યું છે.
- જ્યારે MPI 2020 અંતર્ગત **10 લાખથી ઓછી વસતી** ધરાવતા શહેરોમાં **નવી દિલ્હી** મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રથમ આંધ્રપ્રદેશના **તિરુપતિને દ્વિતીય** અને ગુજરાતના **ગાંધીનગરને ત્રીજું સ્થાન** આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2020 (10 લાખથી વધુ વસતી માટે) | | |
|---|---|---|
| ક્રમ | શહેર | સ્કોર |
| 1 | ઈન્દોર | 66.08 |
| 2 | સુરત | 60.82 |
| 3 | ભોપાલ | 59.04 |
| 4 | પિંપરી–ચિંચવાડ | 59.00 |
| 5 | પૂણે | 58.79 |
| 6 | અમદાવાદ | 57.60 |
| 7 | રાયપુર | 54.98 |
| 8 | ગ્રેટર મુંબઈ | 54.36 |
| 9 | વિશાખાપટ્ટનમ | 52.77 |
| 10 | વડોદરા | 52.68 |

| મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2020 (10 લાખથી ઓછી વસતી માટે) | | |
|---|---|---|
| ક્રમ | શહેર | સ્કોર |
| 1 | નવી દિલ્હી | 52.92 |
| 2 | તિરૂપતિ | 51.69 |
| 3 | ગાંધીનગર | 51.59 |
| 4 | કરનાલ | 51.39 |
| 5 | સાલેમ | 49.04 |
| 6 | તિરૂપ્પુર | 48.92 |
| 7 | બિલાસપુર | 47.99 |
| 8 | ઉદયપુર | 47.77 |
| 9 | ઝાંસી | 47.04 |
| 10 | તિરૂનેલવેલી | 47.02 |

## મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં ધ્યાનમાં લેવાયેલ પરિમાણો

- સર્વિસિઝ
- ફાઈનાન્સ
- પોલિસી
- ટેકનોલોજી
- ગવર્નન્સ
- વહીવટમાં પારદર્શકતા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા 'સુગમ્ય ભારત એપ' લોન્ચ

2 માર્ચ, 2021ના રોજ કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ પ્રધાન શ્રી થાવરચંદ ગેહલોત દ્વારા વર્ચ્યુઅલ મોડમાં 'સુગમ્ય ભારત એપ' લોન્ચ કરવામાં આવી હતી.

- આ પ્રસંગે કેન્દ્રીય પ્રધાન દ્વારા **'એક્સેસ-ધ ફોટો ડાઈજેસ્ટ'** નામની એક હેન્ડબુક પણ લોન્ચ કરવામાં આવી હતી.
- સુગમ્ય ભારત એપ્લિકેશન અને આ હેન્ડબુક કેન્દ્રિય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય અંતર્ગત **વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ** દ્વારા વિકસાવવામાં આવી હતી.

### સુગમ્ય ભારત એપ વિશે

સુગમ્ય ભારત એપ એ એક ક્રાઉડસોર્સિંગ **મોબાઈલ એપ્લિકેશન** છે. જેને ભારતમાં 'એક્સિસિબલ ઈન્ડિયા અભિયાન' ના 3 આધાર સ્તંભો– **પરિવહન ક્ષેત્ર, નિર્મિત પર્યાવરણ અને ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી ઈકોસિસ્ટમ**ને મજબૂત બનાવવા માટે વિકસાવવામાં આવી છે.

- આ એપ્લિકેશનમાં પાંચ મુખ્ય સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સુવિધાઓમાંથી 4 એ સીધી સામાજિક ન્યાયને લગતા મુદ્દાઓ પર પહોંચ વધારવા માટેની છે. જ્યારે એક વિશેષ સુવિધા કોવિડ–19 સમયગાળા દરમિયાન દિવ્યાંગજનોને સમર્પિત છે.
- 'સુગમ્ય ભારત અભિયાન'ના 3 વ્યાપક સ્તંભોમાં અસુવિધાની ફરિયાદ પણ આ એપની મદદથી થઈ શકશે.
- આ એપ્લિકેશન અંતર્ગત નોંધણી કરાવવા માટે નામ, મોબાઈલ નંબર અને ઈ–મેઈલ આઈ.ડી.ની જરૂરિયાત રહે છે.

### સુગમ્ય ભારત અભિયાન (Accesible India campaign) વિશે

ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા **3 ડિસેમ્બર, 2015**ના રોજ **આંતરરાષ્ટ્રીય વિકલાંગ વ્યક્તિઓના દિવસ** પર **'સુગમ્ય ભારત અભિયાન'** નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- સુગમ્ય ભારત અભિયાન' એ કેન્દ્રીય **સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય** અંતર્ગતના **ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીસ** (DEPWD)નો રાષ્ટ્રવ્યાપી **ફ્લેગશીપ** કાર્યક્રમ છે.
- આ અભિયાનનો હેતુ સમગ્ર દેશમાં દિવ્યાંગ લોકો માટે અવરોધમુક્ત અને અનૂકૂળ વાતાવરણ બનાવવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020’ તાજેતરમાં ક્યાં કેન્દ્રીય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો છે?
(A) કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોનું મંત્રાલય (B) કેન્દ્રીય ગૃહ મંત્રાલય
(C) કેન્દ્રીય ગ્રામીણવિકાસ મંત્રાલય (D) કેન્દ્રીય જલ શક્તિ મંત્રાલય (A)

2. ‘ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત શહેરોને કુલ કેટલી કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યા છે?
(A) 2 (B) 3 (C) 4 (D) 5 (A)

3. ‘ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં પ્રથમ ક્રમાંકે કયું શહેર રહ્યું છે?
(A) પૂણે (B) ઈન્દોર (C) અમદાવાદ (D) બેંગાલુરુ (D)

4. ‘ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત 10 લાખથી વધુની વસતી ધરાવતા શહેરોમાં અમદાવાદ કેટલામાં ક્રમાકે રહયું છે ?
(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા (B)

5. ‘ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત 10 લાખથી વધુની વસતી ધરાવતા શહેરોમાં Top-10માં ગુજરાતના કયા શહેરનો સમાવેશ થયો નથી ?
(A) અમદાવાદ (B) વડોદરા (C) રાજકોટ (D) સુરત (C)

6. ‘ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત 10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોમાં ભારતમાં પ્રથમ ક્રમાંકે કયુ શહેર રહયું છે ?
(A) ભુવનેશ્વર (B) સેલવાસ (C) ગાંધીનગર (D) સિમલા (D)

7. ‘ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત 10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોમાં ગાંધીનગરને કેટલામો ક્રમાંકે થયો છે ?
(A) 5 (B) 6 (C) 7 (D) 8 (C)

8. ‘ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત નીચેનામાંથી કયા પરિમાણને ધ્યાનમાં લેવામાં આવેલ નથી ?
(A) જીવનની ગુણવત્તા (B) શહેરની આર્થિક ક્ષમતા
(C) શહેરનું ટકાઉપણું (D) શહેરોમાં રસ્તા બનાવવાની ઝડપ (D)

9. ‘મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં પ્રથમ ક્રમાંકે કયુ શહેર રહયું છે ?
(A) ઈન્દોર (B) સુરત (C) ભોપાલ (D) અમદાવાદ (A)

10. ‘મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2020’ અંતર્ગત 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં સુરતને કેટલામો ક્રમાંક પ્રાપ્ત થયો છે ?
(A) 3 (B) 2 (C) 4 (D) 5 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. 'મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઈન્ડેકસ 2020' અંતર્ગત 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં પ્રથમ ક્રમાંકે કયું શહેર રહ્યું છે ?

(A) તિરૂપતિ (B) ગાંધીનગર (C) નવી દિલ્હી (D) કરનાલ **(C)**

12. 'મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઈન્ડેક્ષ 2020' અંતર્ગત નીચેના પૈકી કયા પરિમાણને ધ્યાનમાં લેવામાં આવેલ નથી ?

(A) સર્વિસિઝ (B) ફાઈનાન્સ (C) ગવર્નન્સ (D) પર્યાવરણ **(D)**

13. 'સુગમ્ય ભારત એપ' તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રી શ્રી દ્વારા લોન્ચ કરવામાં આવી છે ?

(A) શ્રી રવિશંકર પ્રસાદ (B) શ્રી મનસુખભાઈ માંડવિયા

(C) શ્રી થાવરચંદ ગેહલોત (D) શ્રી નીતિન ગડકરી **(C)**

14. સુગમ્ય ભારત એપ' વિશે સાચા વિધાનો જણાવો ?


1. આ એપ કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય અંતર્ગત લોન્ચ કરવામાં આવેલી છે.
2. આ એપના લોન્ચિંગ પ્રસંગે 'એક્સેસ–ધ ફોટો ડાઈજેસ્ટ' નામની હેન્ડ બુક પણ લોન્ચ કરવામાં આવી હતી.
3. આ એપ દિવ્યાંગજનોને સમર્પિત છે.
4. 'એકિસસિબલ ઈન્ડિયા અભિયાન'ના 3 આધારસ્તંભોને મજબૂત કરવા આ એપ વિકસાવવામાં આવી છે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4 **(A)**

15. સુગમ્ય ભારત અભિયાન'નો પ્રારંભ કયા વર્ષમાં કરવામાં આવ્યો હતો ?

(A) 2014 (B) 2015 (C) 2016 (D) 2017 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વર્ષ 2020-21 માટે EPF પર 8.5 ટકા વ્યાજદર ચૂકવવાની જાહેરાત

ભારતમાં કેન્દ્રીય શ્રમ મંત્રાલય દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં નાણાકીય વર્ષ 2020-21 માટે Employees Provident Fund (EPF) માં જમા રકમ પર 8.5% વ્યાજ આપવામાં આવશે.

- આ અગાઉ વર્ષ 2019-20 માટે EPF પરનો વ્યાજદર પણ 8.5 % હતો.
- આમ, વર્ષ 2019-20ની તુલનાએ વર્ષ 2020-21માં EPFના વ્યાજદરમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી.
- સરકારના આ નિર્ણયથી ભારતમાં સંગઠિત ક્ષેત્રના આશરે 6 કરોડ જેટલા કર્મચારીઓને અસર થશે.
- ભારતમાં EPF અંગેની કામગીરી EPFO દ્વારા કરવામાં આવે છે.

### EPFO વિશે

EPFO નું પૂરું નામ Employees Provident Fund Organisation છે.

- EPFO એ સંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડ, પેન્શન અને વીમા યોજનાઓના સંચાલનમાં કેન્દ્ર સરકારને સહાય કરતી એક સંસ્થા છે.
- 'પ્રોવિડન્ટ ફંડ અને વિવિધ પ્રબંધકો અધિનિયમ, 1952' અંતર્ગત 4 માર્ચ, 1952ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડુમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ સંસ્થા કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કોરોના મહામારીના કારણે ભવનાથનો મહાશિવરાત્રિનો મેળો સામાન્ય જનતા માટે રદ



વર્ષ 2021માં કોરોના મહામારીને કારણે જૂનાગઢના ભવનાથનો મહાશિવરાત્રિનો મેળો સામાન્ય જનતા માટે રદ કરવામાં આવ્યો હતો.

- ગુજરાતના જૂનાગઢ ખાતે મહાશિવરાત્રિના પર્વ નિમિતે દર વર્ષે પાંચ દિવસનો આ મેળો યોજાય છે.
- આ મેળાને વર્ષ 2019 થી ગુજરાત સરકાર દ્વારા 'મિનીકુંભ' નો દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ મેળામાં શિવરાત્રિના દિવસે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી સૌના આકર્ષણનું કેન્દ્ર રહે છે.
- આ રવેડી ગિરનાર તળેટીના જૂના અખાડાથી નીકળીને ભવનાથ મંદિર પહોંચે છે.
- આ રવેડી ભવનાથ મંદિર પહોંચ્યા બાદ સાધુ–સંતો ભવનાથ મંદિરના પૌરાણિક મૃગીકુંડમાં સ્નાન કરે છે.

**ICE FACT :**

(1) ભારતમાં મહા વદ-13 (તેરસ)ની રાત્રિ 'મહાશિવરાત્રિ' તરીકે ઉજવાય છે.

(2) ગુજરાતનો જૂનાગઢનો મહાશિવરાત્રિનો મેળો 'ભક્તિના મેળા' તરીકે પ્રસિદ્ધ છે.

## આર્કટિક મોનિટરિંગ માટે રશિયા દ્વારા તેનો પ્રથમ સેટેલાઇટ 'Arktika-M' લોન્ચ

28 ફેબ્રુઆરી, 2021ના રોજ રશિયા દ્વારા કઝાખસ્તાનના બૈકાનૂર કોસ્મોડ્રોમ ખાતેથી કેરિયર રોકેટ સોયુઝ -2.1 બીને લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ રોકેટની મદદથી રશિયાના પ્રથમ 'આર્કટિક–M' સેટેલાઈટને લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આર્કટિકની આબોહવા અને વાતાવરણ પર નજર રાખવા માટે રશિયા દ્વારા આ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો છે.
- આ ઉપગ્રહ રશિયાના ઉત્તરના ભાગો અને આર્કટિક મહાસાગરના સમુદ્રોનું નિરીક્ષણ પણ કરશે.

### આર્કટિક - M

આર્કટિક - M સેટેલાઈટ એ રશિયન રિમોટ–સેન્સિંગ અને ઈમર્જન્સી કમ્યુનિકેશન્સ ઉપગ્રહોની શ્રેણીમાંનો એક છે.

- આ સેટેલાઈટ અત્યંત લંબગોળ ભ્રમણકક્ષામાં કાર્યરત છે.
- પૃથ્વીના ઉચ્ચ અક્ષાંશ વિસ્તારોને મોનિટર કરવા માટે બે આર્કટિક- M ઉપગ્રહોને પણ તૈયાર કરવામાં આવ્યા છે.
- સૌપ્રથમ વખત આ ઉપગ્રહના પ્રક્ષેપણનું આયોજન વર્ષ 2013માં કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યારે તે થઈ શક્યું ન હતું. જે હવે વર્ષ 2021માં કરવામાં આવ્યું છે.

### આર્કટિક ક્ષેત્ર વિશે

તે પૃથ્વીના સૌથી ઉત્તરી ભાગનો ધ્રુવીય ક્ષેત્ર છે.

- આર્કટિક મહાસાગર, અલાસ્કા, કેનેડા, ફિનલેન્ડ, ગ્રીનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે, રશિયા અને સ્વીડન વગેરે આર્કટિક ક્ષેત્રમાં આવેલા છે.
- આર્કટિક મહાસાગરના બરફના સંકોચન, ગ્રીનલેન્ડના બરફ ઓગળવા અને મિથેન ગેસના ઉત્સર્જન માટે ગ્લોબલ વોર્મિંગ જવાબદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્લોબલ-બાયો ઈન્ડિયાની બીજી આવૃત્તિનું ઉદ્‌ઘાટન ડો. હર્ષવર્ધન દ્વારા કરવામાં આવ્યું

1 માર્ચ, 2021ના રોજ કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી ડો. હર્ષવર્ધન દ્વારા ગ્લોબલ–બાયો ઈન્ડિયાની બીજી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### કયા મંત્રાલય અંતર્ગત આયોજન થયું ?

ગ્લોબલ બાયો ઈન્ડિયા 2021નું આયોજન કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય હેઠળના બાયો ટેકનોલોજી વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

### ઈવેન્ટનો ભાગીદાર દેશ અને રાજ્ય

આ ઈવેન્ટના મુખ્ય ભાગીદાર દેશ તરીકે સ્વિટ્ઝર્લેન્ડ અને મુખ્ય ભાગીદાર રાજ્ય તરીકે કર્ણાટક રાજ્ય હતું.

- તેમજ ગ્લોબલ–બાયો ઈન્ડિયા ઈવેન્ટમાં 5000 થી વધુ પ્રતિનિધિઓ, 1000 જેટલા સ્ટાર્ટ અપ્સ અને 200 જેટલા એક્ઝિબિટર્સ (પ્રદર્શકો)એ હાજરી આપી હતી.
- ભારતમાં નવીનતમ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે આ ઈવેન્ટમાં શિક્ષણ વિદો, સંશોધનકારો, ઉદ્યમીઓ, નીતિ વિષયક નેતાઓ, રોકાણકારો, મધ્યમ અને લાર્જ સ્કેલના ઉદ્યોગો તેમજ વિવિધ સંસ્થાઓએ આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો.

### ઈવેન્ટનો હેતુ

વૈશ્વિક સ્તરે ભારતને ઉભરતા ઈનોવેશન હબની સાથે સાથે બાયો–મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઓળખ મળે તે હેતુથી ગ્લોબલ–બાયો ઈન્ડિયા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ ઈવેન્ટ અંતર્ગત 'આત્મનિર્ભર ભારત' પહેલ અને 'મેક ઈન ઈન્ડિયા પહેલને વેગ મળશે.


### ગ્લોબલ બાયો ઈન્ડિયા 2021 ની થીમ

ગ્લોબલ બાયો ઈન્ડિયા 2021નું આયોજન 'Transforming Lives' (જીવન પરિવર્તન) ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું છે.

### ગ્લોબલ બાયો ઈન્ડિયા 2021ની ટેગલાઈન

આ ઈવેન્ટનું આયોજન "Bio Sciences to Bio- economy" ની ટેગલાઈન અંતર્ગત કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કેન્દ્રીય શ્રમ મંત્રાલય દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરત અનુસાર ભારતમાં નાણાકીય વર્ષ 2020-21 માટે EPFમાં જમા રકમ પર કેટલા ટકા વ્યાજ આપવામાં આવશે ?

(A) 8.5 % (B) 8.0 % (C) 7.5 % (D) 8.25 % **(A)**

2. 'EPFO' વિશે સાચા વિધાનોની પસંદગી કરો ?

1. EPFOનું પૂરું નામ 'Employees Provident Fund Organisation' છે.
2. EPFO એ સંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડ, પેન્શન અને વીમા યોજનાઓના સંચાલનમાં કેન્દ્ર સરકારને સહાય કરતી એક સંસ્થા છે.
3. આ સંસ્થાની સ્થાપના 'પ્રોવિડેન્ટ ફંડ અને વિવિધ પ્રબંધકો અધિનિયમ 1952' અંતર્ગત વર્ષ 1952માં કરવામાં આવી હતી.
4. આ સંસ્થા કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 **(B)**

3. ભવનાથના મહાશિવરાત્રિના મેળા વિશે સાચા વિધાનો જણાવો ?

1. પાંચ દિવસના આ મેળાનું આયોજન જૂનાગઢ ખાતે કરવામાં આવે છે.
2. આ મેળાને વર્ષ 2019 થી ગુજરાત સરકાર દ્વારા 'મિનીકુંભ' નો દરજ્જો આપવામાં આવ્યો છે.
3. ભારતમાં મહાવદ તેરસની રાત્રિ 'મહાશિવરાત્રિ' તરીકે ઉજવાય છે.
4. ગુજરાતનો જૂનાગઢનો મહાશિવરાત્રિનો મેળો 'ભક્તિના મેળા' તરીકે પ્રસિદ્ધ છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

4. તાજેતરમાં કયા દેશ દ્વારા આર્કટિક–મોનિટરીંગ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો છે ?

(A) અમેરિકા (B) કેનેડા (C) ગ્રીનલેન્ડ (D) રશિયા **(D)**

5. તાજેતરમાં લોન્ચ કરવામા આવેલ આર્કટિક–મોનિટરિંગ સેટેલાઈટ વિશે સાચા વિધાનો જણાવો ?

1. કઝાખસ્તાનના બૈકાનુર કોસ્મોડ્રોમ ખાતેથી કેરિયર રોકેટ સોયુઝ 2.1 બી રોકેટની મદદથી તે લોન્ચ કરવામાં આવ્યું છે.
2. આર્કટિકની આબોહવા અને વાતાવરણ પર નજર રાખવા માટે આ સેટેલાઈટ રશિયા દ્વારા લોન્ચ કરવામાં આવ્યો છે.
3. રશિયન સ્પેસ એજન્સી રોસ્કોસ્મોસ દ્વારા આ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો હતો.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3 **(D)**

6. તાજેતરમાં ગ્લોબલ – બાયો ઈન્ડિયાની કેટલામી આવૃત્તિનું ઉદ્દઘાટન ડો. હર્ષવર્ધન દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) પ્રથમ (B) બીજી (C) તૃતીય (D) ચોથી **(B)**

7. ગ્લોબલ–બાયો ઈન્ડિયા 2021ની થીમ જણાવો

(A) Transforming Bio-Medical Sector (B) Transforming Peoples
(C) Transforming Lives (D) Transforming Bio-Science **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. 'ગ્લોબલ-બાયો ઈન્ડિયા 2021' ઈવેન્ટના ભાગીદાર દેશ અને રાજ્ય જણાવો ?

(A) ફ્રાન્સ, મહારાષ્ટ્ર (B) ફ્રાન્સ, કર્ણાટક

(C) સ્વિટ્ઝર્લેન્ડ, મહારાષ્ટ્ર (D) સ્વિટ્ઝર્લેન્ડ, કર્ણાટક

(D)

# ONE LINER

## ગુજરાત

➤ **અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'સરસમેળા'નું આયોજન**

ગ્રામીણ મહિલા સ્વ-સહાય જૂથોને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ, વલ્લભસદન ખાતે 'સરસમેળા'નું ઉદ્દઘાટન ગ્રામ વિકાસ મંત્રી શ્રી આર. સી. ફળદુના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મેળાનું આયોજન 5 માર્ચથી 14 માર્ચ 2021 દરમિયાન કરવામાં આવ્યું છે.

➤ **1 એપ્રિલ, 2021થી સુજલામ સુફલામ જળ અભિયાનનો ચોથો તબક્કો રાજ્યમાં શરૂ થશે**

ગુજરાત રાજ્યમાં સુજલામ સુફલામ જળ અભિયાનનો ચોથો તબક્કો 1લી એપ્રિલ, 2021 થી શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકારે આ માટે જળસંપત્તિ વિભાગને 1 એપ્રિલથી 31 મે, 2021 દરમિયાન આ રાજ્યવ્યાપી અભિયાન હાથ ધરવા મંજૂરી આપી છે. આ જળ અભિયાન હેઠળ જળ સંગ્રહના કામોમાં તળાવો ઊંડા કરવા, ચેકડેમના રિપેરિંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઈ, મરામત-જાળવણી કરવા જેવા વિવિધ કામો હાથ ધરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **શ્રી તરુણ બજાજને રેવન્યૂ ડિપાર્ટમેન્ટનાં સેક્ટરીનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો**

કેન્દ્ર સરકારનાં સિનિયર અધિકારી શ્રી તરુણ બજાજને સરકાર દ્વારા રેવન્યૂ ડિપાર્ટમેન્ટનાં સેક્રેટરી તરીકે વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. તેઓએ તાજેતરમાં નિવૃત્ત થઈ રહેલાં ડો. અજય ભૂષણ પાંડેનું સ્થાન લીધું છે.

➤ **TRAIના પૂર્વ અધ્યક્ષ શ્રી રાહુલ ખુલ્લરનું 69 વર્ષની વયે નિધન**

તાજેતરમાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના પૂર્વ અધ્યક્ષ શ્રી રાહુલ ખુલ્લરનું 69 વર્ષની વયે નવી દિલ્હી ખાતે નિધન થયું હતું. શ્રી રાહુલ ખુલ્લર 1975ની બેંચના IAS અધિકારી હતા. TRAIના અધ્યક્ષ તરીકે તેઓની નિમણૂક મે, 2012માં કરવામાં આવી હતી. તેઓએ ત્રણ વર્ષ સુધી TRAIના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.

➤ **સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મના રેગ્યુલેશન માટે કેન્દ્ર સરકારે નવી માર્ગદર્શિકા જાહેર કરી**

કેન્દ્ર સરકારે તાજેતરમાં સોશિયલ મીડિયા અને OTT (Over-the-top) પ્લેટફોર્મના રેગ્યુલેશન માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. જેને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ઈન્ટરમિડીયેટરી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિકસ કોડ્સ) રૂલ્સ 2021 તરીકે ઓળખવામાં આવે છે. આ નિયમો કેન્દ્રીય પ્રધાન શ્રી રવિશંકર પ્રસાદ અને શ્રી પ્રકાશ જાવડેકર દ્વારા જાહેરમાં મૂકવામાં આવ્યા હતા. આ નવા નિયમો અંતર્ગત કેન્દ્ર સરકાર ગ્રાહકોની ફરિયાદ અને તેના સમયસર નિવારણ માટેની મિકેનિઝમ સ્થાપવા માંગે છે. સોશિયલ મીડિયા પરની નવી માર્ગદર્શિકા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, 2000ની કલમ 87(2) અનુસાર ઘડવામાં આવી છે. આ માર્ગદર્શિકાનો ભાગ-2 કેન્દ્રીય ઈલેક્ટ્રોનિકસ અને ઈનફોર્મેશન એન્ડ ટેકનોલોજી મંત્રાલય દ્વારા સંચાલિત કરવામાં આવશે જ્યારે ભાગ-3 કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સંચાલિત કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા 'સિટી ઈનોવેશન એક્સચેન્જ પ્લેટફોર્મ' લોન્ચ કરવામાં આવ્યું**

તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવ શ્રી દુર્ગા શંકર મિશ્રા દ્વારા 'સિટી ઈનોવેશન એક્સચેન્જ પ્લેટફોર્મ' લોન્ચ કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ શહેરોમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીત છે.

➤ **'સ્વચ્છ આઈકોનિક પ્લેસીસ'ની 12 સાઈટોને 'સ્વચ્છ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન્સ'માં પરિવર્તિત કરવામાં આવશે**

'સ્વચ્છ ભારત મિશન–ગ્રામીણ' (SBM-G)ના સ્વચ્છ આઈકોનિક પ્લેસ (SIP) પહેલ અંતર્ગત દેશના પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને વિરાસતના સ્થળોને 'સ્વચ્છ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન'માં પરિવર્તિત કરવા માટે કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા 12 આઈકોનિક સાઈટોની પસંદગી કરવામાં આવી છે. સ્વચ્છ આઈકોનિક પ્લેસીસ (SIP)ના ચોથા તબક્કામાં આ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. આ 12 સ્થળોમાં અજંતાની ગુફાઓ (મહારાષ્ટ્ર), સાંચીનો સ્તૂપ (મધ્યપ્રદેશ), કુંભલગઢ કિલ્લો (રાજસ્થાન), જૈસલમેર કિલ્લો (રાજસ્થાન), જૈસલમેર (રાજસ્થાન), ગોલકોન્ડા કિલ્લો (તેલંગાણા), કોણાર્ક સૂર્યમંદિર (ઓડિશા), રોક ગાર્ડન (ચંદીગઢ), દાલ લેક (જમ્મુ & કાશ્મીર), બાંકે બિહારી મંદિર (ઉત્તરપ્રદેશ), આગ્રા કિલ્લો (ઉત્તરપ્રદેશ) અને કાલિઘાટ (પશ્ચિમ બંગાળ)નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ઓવરસીઝ સિટીઝન્સ ઓફ ઈન્ડિયા (OCI) કાર્ડધારકોએ ભારતમાં ધર્મપ્રસાર સહિતની કામગીરી માટે ખાસ મંજૂરી લેવી પડશે**

કેન્દ્રીય ગૃહમંત્રાલયે OCI (ઓવરસીઝ સિટીઝન્સ ઓફ ઈન્ડિયા) કાર્ડધારકો માટે નવા નિયમો જાહેર કર્યા હતા. જે હેઠળ હવે OCI કાર્ડધારકોએ દેશમાં ધર્મપ્રસાર, તબલિગ કે પર્યાવરણ કે પત્રકારત્વની કામગીરી કરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી ખાસ મંજૂરી લેવી પડશે. એ સિવાય તેમણે દેશમાં સંરક્ષિત કે નિયંત્રિત કે પ્રતિબંધિત હોય તેવી કોઈ જગ્યાની મુલાકાત લેવા માટે ખાસ પરવાનગી મેળવવાની રહેશે.

➤ **CBDTના ચેરમેન તરીકે શ્રી પ્રમોદચંદ્ર મોદીનો કાર્યકાળ 3 મહિના માટે લંબાવવામાં આવ્યો**

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT)ના અધ્યક્ષ તરીકે શ્રી પ્રમોદચંદ્ર મોદીનો કાર્યકાળ 31 મે, 2021 સુધી લંબાવવામાં આવ્યો છે. શ્રી પ્રમોદચંદ્ર મોદીએ 1982ની બેંચના ઈન્ડિયન રેવન્યૂ સર્વિસ ઓફિસર છે.

## વિશ્વ

➤ **વર્ષ 2025માં વિશ્વની પ્રથમ સ્પેસ હોટેલનું બાંધકામ શરૂ કરવામાં આવશે**

ઓર્બિટલ એસેમ્બલી કોર્પોરેશન દ્વારા વિશ્વની પહેલી સ્પેસ હોટેલ વર્ષ 2025માં બાંધવાની શરૂઆત કરવામાં આવશે. પૃથ્વીના લોઅર ઓર્બિટમાં આ હોટેલનું નિર્માણ કરવામાં આવશે. સ્પિનિંગ વ્હીલ આકારની આ હોટેલ રોબોટ દ્વારા સતત ગોળ ફરતી રહેશે. તેમાં રેસ્ટોરાં, બાર, હેલ્થ સ્પા, સિનેમા અને 400 લોકો રહી શકે તેવી રૂમોની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'સિરાવિક ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટ લીડરશિપ એવોર્ડ' આપવામાં આવ્યો**

1 માર્ચથી 5 માર્ચ, 2021 દરમિયાન સિરાવિક કોન્ફરન્સ–2021નું વર્ચ્યુઅલ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'સિરાવિક ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટ લીડરશિપ એવોર્ડ' આપવામાં આવ્યો હતો. આ સંમેલનનું આયોજન IHS માર્કિટ દ્વારા કરવામાં આવ્યું હતું. IHS માર્કિટ લિમિટેડ એ અમેરિકન–બ્રિટીશ માહિતી પ્રદાતા છે. આ સંસ્થા લંડનમાં આવેલી છે.

ICE Questions

- ગુજરાતના કયા સ્થળે 'સરસ મેળા'નું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું ?
  – અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે
- ગુજરાતમાં સુજલામ સુફલામ જળ અભિયાનના ચોથા તબક્કાની શરૂઆત કયારથી કરવામાં આવશે ? – 1 એપ્રિલ, 2021
- તાજેતરમાં કેન્દ્ર સરકારના રેવન્યૂ ડિપાર્ટમેન્ટમાં સેક્રેટરી તરીકે વધારાનો હવાલો કોને સોંપવામાં આવ્યો છે ? – શ્રી તરૂણ બજાજને
- તાજેતરમાં શ્રી રાહુલ ખુલ્લરનું નિધન થયું છે, તેઓએ કઈ સંસ્થામાં અધ્યક્ષ તરીકે સેવા આપી હતી ? – ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)
- કેન્દ્ર સરકારે તાજેતરમાં સોશિયલ મીડિયા અને OTT (over-the-Top) પ્લેટફોર્મના રેગ્યુલેશન માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે, તેને કયા રૂલ્સ તરીકે ઓળખવામાં આવે છે ?
  – ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (ઈન્ટરમિડીયેટરી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિકસ કોડ્સ) રૂલ્સ, 2021
- કેન્દ્ર સરકારે તાજેતરમાં સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મના રેગ્યુલેશન માટે એક માર્ગદર્શિકા જાહેર કરી છે, આ માર્ગદર્શિકાનો ભાગ-2 કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા સંચાલિત કરવામાં આવશે ?
  – કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય
- તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા 'સિટી ઈનોવેશન એકસચેન્જ પ્લેટફોર્મ' લોન્ચ કરવામાં આવ્યું છે ? – કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય
- સ્વચ્છ ભારત મિશન–ગ્રામીણ અંતર્ગતની 'સ્વચ્છ આઈકોનીક પ્લેસીસ' (SIP)ની કેટલી સાઈટોને 'સ્વચ્છ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન્સ'માં પરિવર્તિત કરવામાં આવશે ? – 12
- તાજેતરમાં 12 'સ્વચ્છ આઈકોનીક પ્લેસીસ'ની 'સ્વચ્છ ટૂરિસ્ટ ડેસિટનેશન્સ'માં પરિવર્તિત કરવા માટે કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા પસંદગી કરવામાં આવી હતી ?
  – કેન્દ્રીય જળ શકિત મંત્રાલય
- ઓવરસીઝ સિટીઝન્સ ઓફ ઈન્ડિયા (OCI)ના કાર્ડધારકોએ ભારતમાં ધર્મપ્રસાર સહિતની કામગીરી માટે ખાસ મંજૂરી લેવી પડશે, આ અંગેના નવા નિયમો કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા ? – કેન્દ્રીય ગૃહમંત્રાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ➤ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT)ના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો ? – શ્રી પ્રમોદચંદ્ર મોદી
- ➤ વિશ્વની પ્રથમ સ્પેસ હોટલનું બાંધકામ કઈ કંપની દ્વારા વર્ષ 2025માં શરૂ કરવામાં આવશે ? – ઓર્બિટલ એસેમ્બલી કોર્પોરેશન
- ➤ તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સિરામિક કોન્ફરન્સ-2021માં કયો એવોર્ડ આપવામાં આવ્યો ? – 'સિરાવિક ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટ લીડરશિપ એવોર્ડ'

# Question Of this Week

1. તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે ઈન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલના બે દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું ? – નર્મદાના કેવડિયા ટેન્ટસિટી ખાતે

2. 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ' અભિયાનની ઉજવણી તાજેતરમાં સમગ્ર રાજ્યમાં કયા સમયગાળા દરમિયાન કરવામાં આવી હતી ? – 22 ફેબ્રુઆરીથી 2 માર્ચ, 2021 દરમિયાન
(‘રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ’ અભિયાન અન્વયે રાજ્યના 1 થી 19 વર્ષના તમામ બાળકોને વિનામૂલ્યે કૃમિનાશક ગોળીઓ ખવડાવવામાં આવે છે.)

3. તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના કયા પ્રદેશમાં 17,000 વર્ષ અગાઉની કાંગારૂ પેઈન્ટિંગની ઓળખ કરવામાં આવી છે ? – પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના કિમ્બર્લી ક્ષેત્રમાં

4. અરૂણાચલપ્રદેશના તવાંગ જિલ્લામાં તાજેતરમાં મળી આવેલી નવી આલ્પાઈન પ્લાન્ટ પ્રજાતિનું નામ જણાવો ? – કેમેન્થોડિયમ ઈન્ડિકમ
(કેમેન્થોડિયમ ઈન્ડિકમએ હિમાલયન સૂર્યમુખી પરિવારના છોડની નવી પ્રજાતિ છે. IUCNની રેડલિસ્ટની માર્ગદર્શિકા અનુસાર મળી આવેલી આ નવી પ્રજાતિ 'Critically endangered'ની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં કયા ભારતીય સામાજિક કાર્યકરને અમેરિકાનો ઈન્ટરનેશનલ એન્ટિ–કરપ્શન ચેમ્પિયન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે ? – સુશ્રી અંજલિ ભારદ્વાજ
(સુશ્રી અંજલિ ભારદ્વાજએ એક 48 વર્ષીય સામાજિક કાર્યકર છે જેઓએ સતર્ક નાગરિક સંગઠન (SNS)ની સ્થાપના કરી છે. તેણી ભારતમાં ‘રાઈટ ટૂ ઈન્ફર્મેશન મૂવમેન્ટ’માં સક્રિય સભ્ય તરીકે પણ રહી ચૂકયા છે.)

6. સ્થળાંતર કામદારો પર ડ્રાફ્ટ નેશનલ પોલિસી તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવી છે ? – નીતિ આયોગ

7. તાજેતરમાં કયા દેશમાં આત્મહત્યા દરની તપાસ માટે એક Loneliness ministerની નિમણૂક કરવામાં આવી છે ? – જાપાન
(જાપાનના પ્રથમ Loneliness ministerનું નામ શ્રી તેત્સુશી સકામોટો છે. વિશ્વમાં સૌપ્રથમ વખત Loneliness ministerની નિમણૂક કરવાવાળો દેશ યુનાઈટેડ કિંગડમ છે.)

8. ગુજરાતના કુલ કેટલા અને કયા–કયા શહેરોનો કેન્દ્ર સરકારની ‘સ્માર્ટસિટી યોજના’ અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે ?
– કુલ 6 શહેરો જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર અને દાહોદનો સમાવેશ થાય છે.

9. નેશનલ કમિશન ફોર શિડ્યુલ કાસ્ટ (NCSC)ના નવા ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ? – શ્રી વિજય સંપલા
(નેશનલ કમિશન ફોર શિડ્યુલ કાસ્ટ (NCSC)એ એક બંધારણીય સંસ્થા છે. બંધારણના અનુચ્છેદ-338 અંતર્ગત નેશનલ કમિશન ફોર શિડ્યુલ કાસ્ટની જોગવાઈ કરવામાં આવી છે.)

10. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (UNSC)ની આબોહવા પરિવર્તન અંગેની ચર્ચા દરમિયાન સંસ્કૃતનો ઉપયોગ કરનાર પ્રથમ મંત્રીશ્રીનું નામ જણાવો ?
– શ્રી પ્રકાશ જાવડેકર

11. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ની ‘COVAX સ્કિમ’ અંતર્ગત કોવિડ-19ની નિઃશુલ્ક રસી મેળવનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે ? – ઘાના

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**12.** તાજેતરમાં 16મા FICCI હાયર એજ્યુકેશન સમિટનું આયોજન કયા કરવામાં આવ્યું હતું ?
– નવી દિલ્હી ખાતે

**13.** તાજેતરમાં નવી દિલ્હીમાં મેરિટાઈમ ઈન્ડિયા સમિટ-2021નું વર્ચ્યુઅલ ઉદઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? – વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા
(આ સમિટના ઉદઘાટન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતુ કે કેન્દ્ર સરકારનો ઉદેશ વર્ષ 2030 સુધીમા 23 જળમાર્ગોને કાર્યરત કરવાનો છે.)

**14.** લોકસભા અને રાજ્યસભાની ટીવી ચેનલોનું વિલીનીકરણ કરી નવી ચેનલનું નામ શું રાખવામાં આવ્યું છે ? – સંસદ ટીવી
(સંસદ ટીવીના CEO તરીકે સેવાનિવૃત્ત IAS શ્રી રવિ કપૂરની નિમણૂક કરવામાં આવી છે.)

**15.** વિઝડનની ઓલટાઈમ T-20 વર્લ્ડકપ ઈલેવનના કેપ્ટન તરીકે કયા ક્રિકેટરની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી મહેન્દ્રસિંહ ધોની

**16.** નદી–જોડાણ અંગેની ટાસ્કફોર્સે તાજેતરમાં કઈ બે નદીઓના જોડાણને મંજૂરી આપી છે ?
– મહાનદી–ગોદાવરી
(નવી દિલ્હીમાં યોજાયેલી નદીઓના જોડાણ અંગે ટાસ્કફોર્સની 13મી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ટાસ્ક ફોર્સની અધ્યક્ષતા શ્રીરામ વેદિરે દ્વારા કરવામાં આવી હતી.)

**17.** કાર્લાપટ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી કયા રાજ્યમાં આવેલ છે ? – ઓડિશા

**18.** ભારત દ્વારા મેરીટાઈમ ભારત સંમેલન-2021ના અવસર પર કયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી ? – ચાબહાર દિવસ
(ચાબહાર દિવસની વર્ચ્યુઅલ ઉજવણી દરમિયાન અફઘાનિસ્તાન, આર્મેનિયા, ઈરાન, કઝાકિસ્તાન, રશિયા અને ઉઝબેકિસ્તાન જેવા દેશોમાં મંત્રીઓએ ભાગ લીધો હતો. ચાબહાર બંદરનો વિકાસ ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન દ્વારા સંયુકતરૂપે કરવામાં આવ્યો છે. ચાબહાર બંદરએ ઓમાનની ખાડીના તટ પર સ્થિત ઈરાનનું સૌથી દક્ષિણમાં આવેલું શહેર છે.)

**19.** તાજેતરમાં કયા રાજ્યના મુખ્યપ્રધાન દ્વારા તેના રાજ્યમાં 'નમ્મા કાર્ગોસર્વિસ' લોન્ચ કરવામાં આવી ? – કર્ણાટકના મુખ્યપ્રધાન શ્રી બી. એસ. યેદિયુરપ્પા દ્વારા
(નમ્મા કાર્ગો સર્વિસ અંતર્ગત કર્ણાટકના 109 બસ સ્ટેશનોમાં કાર્ગો સેવાઓનો અમલ કરવામાં આવશે. આ સેવા અંતર્ગત કર્ણાટક રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા પાર્સલ પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**20.** વર્ષ 1971ના પાકિસ્તાન સાથેના યુદ્ધના 50મા વર્ષની ઉજવણીના ભાગરૂપે ભારતે બાંગ્લાદેશને કયું હેલિકોપ્ટર ભેટ ધર્યું હતું ? અને કયું એરક્રાફ્ટ બાંગ્લાદેશ પાસેથી મેળવ્યું હતું ?

– ભારતે બાંગ્લાદેશને એલોયેટ III હેલિકોપ્ટરને ભેટ આપી F-86 સબરે એરક્રાફ્ટ બાંગ્લાદેશ પાસેથી મેળવ્યું હતું.

**21.** તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટરેસે કયા ભારતીય અર્થશાસ્ત્રીની નિમણૂક સંયુક્ત રાષ્ટ્રના સહાયક સચિવ જનરલ તરીકે કરી છે ?

– સુશ્રી લિજિયા નોરોન્હા

**22.** તાજેતરમાં શ્રી વિષ્ણુ નારાયણ નમ્બૂદરીનું 81 વર્ષની વયે નિધન થયું છે, તેઓ કઈ ભાષાના કવિ હતા ? – મલયાલમ

**23.** તાજેતરમાં કયા દેશમાં કાયદો પસાર કરવામાં આવ્યો છે જેના અંતર્ગત ગૂગલ અને ફેસબુકને સમાચાર માટે ચૂકવણી કરવી પડશે ? – ઓસ્ટ્રેલિયા

(ઓસ્ટ્રેલિયા આવો કાયદો બનાવનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.)

**24.** તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમના કયા બેટસમેન દ્વારા 6 બોલમાં 6 સિક્સર ફટકારવાની સિદ્ધિ મેળવવામાં આવી છે ? – શ્રી કિરોન પોલાર્ડ

**25.** તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ 2021 અંતર્ગત ક્ષેત્ર આકારણી શરૂ કરવામાં આવી છે ? – કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોનું મંત્રાલય

(કેન્દ્ર સરકાર દ્વારા આ વાર્ષિક સ્વચ્છતા સર્વેક્ષણની છઠ્ઠી આવૃત્તિ છે. ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છ સર્વેક્ષણની શરૂઆત વર્ષ 2016માં કરવામાં આવી હતી. શહેરી સ્વચ્છતાની સ્થિતિમાં સુધારો કરવાના હેતુથી તેની શરૂઆત કરવામાં આવી હતી.)

**26.** QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં ટોચની 100 સંસ્થાઓમાં ભારતની કુલ કેટલી યુનિવર્સિટીઓને સ્થાન મળ્યું છે ? – 12

(કવાકવારેલી સિમન્ડ્સ (QS) દ્વારા વર્ષ 2021માં વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગની અગિયારમી આવૃત્તિ જાહેર કરવામાં આવી હતી.)

**27.** મોરેશિયસમાં ભારતીય ઉચ્ચ આયોગના ભવનનું ઉદ્‌ઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? – વિદેશમંત્રી શ્રી એસ. જયશંકર

(તાજેતરમાં ભારતના કેન્દ્રીય કેબિનેટે મોરેશિયસ સાથે એક વ્યાપક આર્થિક સહયોગ સમજૂતી માટે મંજૂરી આપી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**28.** ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (TTFI)ના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – હરિયાણાના નાયબ મુખ્યમંત્રી શ્રી દુષ્યંત ચૌટાલાની

**29.** તાજેતરમાં કઈ કમ્પ્યૂટર નિર્માતા કંપનીએ સમુદ્રમાં રહેલા પ્લાસ્ટિક કચરાનો ઉપયોગ કરીને પ્રથમ ગ્રાહક પર્સનલ કમ્પ્યૂટરનો વિકાસ કર્યો છે ? – કમ્પ્યૂટર નિર્માતા HP કંપની


(HP કંપનીએ કમ્પ્યૂટર નિર્માતા કંપની છે જેની સ્થાપના 1 જાન્યુઆરી, 1939ના રોજ થઈ હતી તેના સ્થાપકો શ્રી બિલ હ્યુલેટ્ટ અને શ્રી ડેવિડ પેકાર્ડ છે. તેનું મુખ્યમથક અમેરિકાના કેલિફોર્નિયા ખાતે આવેલું છે.)

**30.** ફૂટબોલની ઈન્ડિયન વુમન્સ લીગનું આયોજન ભારતના કયા રાજ્યમાં કરવામાં આવશે ? – ઓડિશા

**31.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોવિડ-19 વેક્સિનનો પ્રથમ ડોઝ કયા સ્થળે લીધો હતો ? – નવી દિલ્હીની AIIMS ખાતે

**32.** ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC) દ્વારા વિકસાવવામાં આવેલ ડિજિટલ કોબાલ્ટ થેરાપી મશીન 'ભાભાટ્રોન-2' તાજેતરમાં કયા દેશને ભેટમાં આપવામાં આવેલ છે ? – મડાગાસ્કર ટાપુ દેશને

('ભાભાટ્રોન-2'એ કેન્સરની સારવારમાં ઉપયોગી અદ્યતન મશીન છે.)

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT